ૐ

(શ્રી જીનેંદ્રાય નમઃ)

અમુલ્ય રત્ન

અમુલખજીનું જીવનચરિત્ર

તથા

તપશ્ચર્યા ઓચ્છવ.

દોહરો.

તપશ્યા ઓચ્છવ ભલો થયા, મળીયા સઘળો સંઘ,
વિધવિધના શ્રાવક મળી, પ્રસન્ન થયા છે મન
સુંદરી કહે નીજ સ્વામીને, ફરી ફરી કરી ફરમાસ
આ ગ્રંથ ગ્રહણ કરો, અમુલ્ય રત્ન ખાસ

રચાવી, છપાવી, પ્રગટ કરનાર,

શા. પોપટલાલ કેવળચંદ.

ભાવસાર મોતીલાલ રૂખડદાસ.

ભાવસાર મોહનલાલ છગનલાલ.

સરસપુર—અમદાવાદ.

વિક્રમ સંવત ૧૯૭૨ ઈસ્વીસન ૧૯૧૬

આવૃતિ ૧ લી પ્રત ૨૦૦૦

કીમત ફક્ત બે આના પોસ્ટેજ અડધો આનો.

ૐ

(શ્રી જીનેંદ્રાય નમઃ)

અમુલ્ય રત્ન

અમુલખજીનું જીવનચરિત્ર

તથા

તપશ્ચર્યા ઓચ્છવ.

દોહરો.

તપશ્યા ઓચ્છવ ભલો થયો, મળીયો સઘળો સંઘ;
વિધવિધના શ્રાવક મળી, પ્રસન્ન થયા છે મન
સુંદરી કહે નીજ સ્વામીને, ફરી ફરી કરી ફરમાસ;
કથ ગ્રંથ ગ્રહણ કરો, અમુલ્ય રત્ન ખાસ

રચાવી, છપાવી, પ્રગટ કરનાર,
શા. પોપટલાલ કેવળચંદ.
ભાવસાર મોતીલાલ રૂખડદાસ.
ભાવસાર મોહનલાલ છગનલાલ.
સરસપુર—અમદાવાદ.

વિક્રમ સવત ૧૯૭૨ ઈસ્વીસન ૧૯૧૬.

આવૃતિ ૧ લી પ્રત ૨૦૦૦

કીમત ફક્ત બે આના પોસ્ટેજ અડધો આનો.

અમદાવાદ

[illegible] યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં
મોતીલાલ સામળદાસે છાપી.

પ્રસ્તાવના.

આપણા જૈનબંધુ અમુલખભાઈએ આવા કળયુગના પાંચમા આરાના વખતમાં અણુસણ જેવી મહાન તપશ્ચર્યા કરી આપણો જૈન ધર્મ દીપાવી આપ્યો છે તેમની યાદગીરી માટે અમોએ અમારી ઉત્સાહથી આ એક લઘુગ્રંથ બનાવરાવી પ્રસીદ્ધ કર્યો છે. જે ગ્રહસ્થો આ ચોપડીઓના અગાઉથી ગ્રાહક ન થઇ શકયા હોય, તેઓને પણ મુળ કીમતથી આપવામાં આવશે. માટે હવે તાકીદે ગ્રાહકો થઇ ચોપડીઓના ઓરડર નીચેના શીરનામે આપવા કૃપા કરશો કે આ ચોપડીઓના વધારાના પૈસા ધર્મના શુભકાર્યોમાં વપરાશે એજ વિનંતી.

ભાવસાર. મોતીલાલ રૂખડદાસ લીંબડીવાળા.

મુ.—સરસપુર.

પોસ્ટ—કાલુપુર.

અમુલખભાઇનું જીવનચરિત્ર

પ્રાર્થના.

જય જય જીનેશ્વર જુગ સ્વામી,
નમુ આદીનાથ અંતરયામી;
ધન્ય અજીત વિભુ સંભવ સ્વામી,
અભિનંદન સુમતિ શુભ કામી. જય જય જીનેશ્વર૦ ૧
પદમ સુપાસ ચંદ્ર ચીત હરતા,
સુબુધિ શીતળ શાતા ખુબ કરતા;
શ્રેયંસ વાસ વિમળ સ્વામી, નમુ શીરનામી,
આનંદ કંદ નહી કાંઈ ખામી. જય જય જીનેશ્વર૦ ૨
પ્રભુ અનંત ધર્મ ધીરત ધારી,
ભજુ ભક્તિ ભાવ આનંદકારી;
શાંતિ કુંથુ ઇષ્ટ અતિ ઉપગારી,
શ્રી અરનાથ જીન બલીહારી. જય જય જીનેશ્વર૦ ૩
મલ્લીનાથ જીન મંગળ માળી,
ભરતભુમ.ની દુઃખધા ટાળી,
મુનિ સુવ્રત સ્વામી, મુગત ગામી;
નેમીનાથ અરીષ્ટ રાજુલ વામી. જય જય જીનેશ્વર૦ ૪
પ્રભુ તેવીસમા પાર્શ્વદાતા,

નર નારી અહોનીશ ગુણ ગાતા;
સુજ સાસનના શણગાર મણી,
મર્મ ચોવીસમા વૃધમાન ધણી. જય જય જીનેશ્વર૦ ૫
સંતાપ પાપ સબ અળગાં ટાળો,
જન્મ મરણ ભય દુર નીકાલો,
દેવ મોરારી શીતળકારી, ગુણધારી,
આતમના છો વિસરામી. જય જય જીનેશ્વર૦ ૬
શ્રી ગુણ સાગર નર પતી નાગર,
કરૂણાનિધિ કીરપા કર ઠાકર;
પતિત પાવન શિવ સુખ કારણ,
ભળ જળ તારણ, વિશ્વ વિષે અંતરયામી. જય જય૦ ૭

ગુરૂ સ્તુતિ.

ગજલ.

અહો રૂગનાથજી સ્વામી, કહે સેવક શીરનામી,
સુબુદ્ધિ આપજો પ્યારા, ગુરૂ ગુણવંત છો મારા. ૧
મુનિ મહાવ્રત છો ધારી, સદા છો સુખના કારી,
વાણી અમૃતની ધારા, ગુરૂ ગુણવંત છો મારા. ૨
અહો ગભીર છો ભારી, શીખામણ આપતા સારી,
અહો ગુણ શુ કહુ તારા, ગુરૂ ગુણવંત છો મારા. ૩
અહો શમતા તણા દરીઆ, શીતળતા થકી ભરીયા;
ભવીના કરતા ઉદ્ધારા, ગુરૂ ગુણવત છો મારા. ૪
અહો મહારાજ મહારાજા, દયાળુ દીલના ઝાઝા;
અહો ઉપકાર કરનારા, ગુરૂ ગુણવંત છો મારા. ૫

પ્રભુના મુખની વાણી, અહો ઉલટ તો આણી;
ગુણાવી બોધ કરનારા, ગુરૂ ગુણવંત છો મારા. ૬
અહો સજમ તણા રાગી, દ્રષ્ટિ જ્ઞાનમાં લાગી;
ધરમનું ધ્યાન ધરનારા, ગુરૂ ગુણવંત છો મારા. ૭
કદી કપટની દ્રષ્ટિ, વળી કલેશની કષ્ટી;
દીઠી નહી અંગમા તારા, ગુરૂ ગુણવંત છો મારા. ૮
ગુરૂજી ગચ્છના પતિ, છો જબરા જીનના જતી;
અહોનીશ કર્મ કટનારા, ગુરૂ ગુણવંત છો મારા. ૯
અરે હો દીલ દીલજાની, થયા છો જ્ઞાનમાં જ્ઞાની;
અરે હો પાપ હરનારા, ગુરૂ ગુણવત છો મારા. ૧૦
મુની છો અગ ઉજમાલા વિશેષ વિવેકતા વાલા;
અરે હો ભવ તરનારા, ગુરૂ ગુણવંત છો મારા. ૧૧
અહો કુરૂણાળુ કીરપાળા, કે પાતા પ્રેમના પ્યાલા;
અરે હો ધીર્ય ધરનારા, ગુરૂ ગુણવંત છો મારા. ૧૨
અરે નિરદોષ નિરલોભી, રહયા શીયળમા શોભી;
અહો સત્યવંત છો સ્વામી, કહે સેવક સીરનામી. ૧૩
રહું છું આપ આધારે, શરણ છે તાહરો મારે;
કીરપા દાસ પર કરજો, કે અરજી ઉરમાં ધરજો. ૧૪
નમી ચુનીલાલ મન ભાવે, ઉલટ અંગમાં લાવે;
અરે ભવ દુઃખ તો હરજો, ગુરૂજી મહેર તો કરજો. ૧૫

મંગળાચરણ.

ગજલ.

પ્રભુ તારા તીર્થ ચારે, શિતળતા સ્થાપજો.— મંગલ૦

કરી અમૃત તણી વૃષ્ટિ, વધાઇ આપજો.— મંગલ૦
વિભુ ભારત ભુમીમાં, દયા દીલ વ્યાપજો — મંગલ૦
વધારો ધર્મનો વધ્રતાં, સદા સુખ આપજો. મંગલ૦
વળી વિવેકની વાણી, સુબુદ્ધિ માગજો — મંગલ૦
પતિવ્રતા તમે નારી, વિષય વિખ ત્યાગજો. મંગલ૦
સદ્‌ગુણી સુંદરી સઉ, શિયળ વ્રત સાચવો.— મંગલ૦
કરી ઇષ્ટ દેવની પુજા, સદા મન રાચવો. મંગલ૦
વિદૂતા નીતી રીતી, નિત્ય નિત્ય વ્યાધજો.— મંગલ૦
ગજલ ગુલતાન થૈ ગાઇ, શિવપુર સાધજો.— મંગલ૦

મરાઠી સાખી.

મંગલકારી મંગલ કરજો, અહો મહાવીર દેવ;
પ્રથમ પ્રણામ કરૂં છુ તુંમને, સેવક કરૂં છુ સેવ,
આપો નિમળ મતિ, જીભે ચાલે સરસ્વતી. ૧

સમરૂં તમને સાહ્યતા કરજો, આપો અવીચળ વાણ;
મહેર કરો મહારાજા મુજ પર, દાસ તમારો જાણ,
ભલું ચરોત્ર ભણું, ઉત્તમ અમુલખ તણું. ૨

ઢાળ ૧ લી.

(આવો આવો જસોદાના કંથ અમ ઘેર આવો રે)—એ રાગ.

અલબેલડો હિંદુસ્તાન, દેશ વિશાળરે;
તેમાં ગુજરાત છે ગુણવાન, દિલનો દયાળરે. ૧
તેની રાજધાનીનું શહેર, અમદાવાદરે;
મહારાજા કેરી મહેર, વસે આબાદરે.

બહાદુર ઈંગ્રેજી કંપની રાજ, મહા સુખકારીરે;
રૈયતની રૂડી સાજ, કરે મન ધારી રે. ૩
આ શહેર સમીપે શહેર, સરસપુર સારૂંરે;
કોટ કીલ્લો ચારે મેર મોહ્યું મન મારૂંરે ૪
સામા સામી દરવાજા ચાર, દુરથી દીપેરે;
બહુ સુંદીર શોભા સાર, શહેર સમ પેરે. ૫
વસ્તી વસે વરણ અઢાર, અતી ઉમગેરે;
ઊંચ નીચને મધ્યમ સાર, રહે છે રંગેરે. ૬
વણીક બ્રાહ્મણને ભાવસાર, સુતાર ને કડીયારે,
લેઉવા કેડવા ને કુંભાર, દાણા વેચે ફડીયારે. ૭
કરે કારીગર રોજગાર, ધરે નરનારીરે;
જાત જાત તણા વેપાર કરે વેપારીરે. ૮
માંહી નાની મોટી પોળ, નોતમ ન્યારીરે;
સામા સામી ઘરની ઓળ, શોભે છે સારીરે. ૯
રાજ મારગ રસ્તા બીચ, સડક છે સીધીરે;
પહોળાઇમા ચારસો ઈંચ, આસરે કીધીરે. ૧૦
શહેર બહાર ચારે કોર, ઝુકી રહી ઝાડીરે;
લીલી લટા ઘટા ઘમઘોર, ફુલી રહી વાડીરે. ૧૧
આવું સુંદીર શહેર વિશેક, સરસપુર ગામરે;
તેમાં પ્રગટયો હીરો એક, અમુલખ નામરે. ૧૨
ધન્ય ધન્ય તેનો અવતાર, ધન્ય તેની માતારે;
ધન્ય ધન્ય કુટુંબ પરીવાર ધન્ય તેના તાતારે. ૧૩
જેને જન્મ પાયો પરીમાણ, પુરૂષ ભવ પામીરે;

તેના જીવતરને ખુરબાન, જશ રહ્યો જામીરે. ૧૪
એવા ઊત્તમના ગુણ ગાઉ, આવડે તે વારે;
કર્મેથી હળવો થાઊં, ભજું નર એવારે. ૧૫
એ પ્રથમ પહેલી ઢાળ, કરી મંન ભાવેરે;
કરજોડી કહે ચુનીલાલ હર્ષ ન માવેરે. ૧૨

(મરાઠી સાખી.)

ગુણ ગાઉ છુ ઉત્તમ કેરા, સાંભળજો નરનાર;
તપસી કેરો મહીમા સુણતાં, પામશો ભવનો પાર,
ગૃહો ચીત ધરી, અણુસણુના ગુણ હેત કરી. ૧

ઢાળ બીજી.

(મારૂ સોનાનુ છે બેડુરે છેલછબીલા છોગાળા એ રાગ.)
સુણો સરસપુર શહેર સમી પેરે, શ્રોતા સુણજો નરનારી,
નરનારી નૌતમ દીપેરે, જૈનધર્મની બલીહારી. ૧
સાસન મહાવીરનુ વરતેરે, શ્રોતા સુણજો નરનારી,
ચાર તીર્થ બીરાજે ભરતેરે, જૈનધર્મની બલીહારી. ૨
સાધુ સાધવી સમતા દારીરે શ્રોતા.
શ્રાવીક શ્રાવીકા શુદ્ધ વ્રત ધારીરે. જૈન.
એ ચાર તીર્થ જૈન કેરારે. શ્રોતા.
ટાળે જન્મ મર્ણના ફેરારે. જૈન. ૪
આ સરસપુરમાં જૈન ધર્મીરે. શ્રોતા.
ભાવસાર ઘણા હળુ કર્મીરે જૈન. ૫
શ્રાવક છે સ્થાનક વાસીરે. શ્રોતા.
અતી ઉજ્જળ મન ઉલ્લાસીરે. જૈન ૬

રૂડા રાયચંદ રહેવાસીરે.	શ્રોતા.	
સરસપુરમાં શોભા ખાસીરે.	જૈન.	૭
ભાવસાર ન્યાતીમા મહાલેરે.	શ્રોતા.	
ધર્મ જીનવરનો ઘેર ચાલેરે.	જૈન	૮
સામાયક પોષા કરતારે.	શ્રોતા.	
સાધ સાધવીને પાયે પડતારે.	જૈન.	૯
ઘેર નારી છે ગુણધારીરે	શ્રોતા.	
નામ મહુબાઈ સુખકારીરે.	જૈન.	૧૯
રૂડી છે જેની રીતીરે.	શ્રોતા.	
જેની દયા ધર્મપર પ્રીતીરે.	જૈન.	૧૧
નહી કુડ કપટ છળ વાળીરે.	શ્રોતા.	
ભુતળમાં ભલી ભાગ્યશાળીરે	જૈન.	૧૨
તેની કુખ અનોપમ કાયારે.	શ્રોતા.	
જન્મ અમુલખભાઇ પાયારે	જૈન.	૧૩
ધન્ય ધન્ય માતાએ જાયારે.	શ્રોતા.	
જેના પુત્ર સુપુત્ર કહેવાયારે	જૈન.	૧૪
જ્યારે પુત્ર જન્મ ઘેર થયોરે.	શ્રોતા.	
આનદ બાકી નવ રહ્યોરે.	જૈન.	૧૫
માતાને હર્ષ ન માવેરે.	શ્રોતા.	
પીતાને વરધી જાવેરે.	જૈન.	૧૬
સુણી વધાઇ પુત્રની જ્યારેરે.	શ્રોતા.	
પ્રફુલીત અંગ થયું ત્યારેરે.	જૈન.	૧૭
સાકર ઘેરે ઘેર આપીરે.	શ્રોતા.	
ખુશાલી રહી છે વ્યાપીરે.	જૈન.	૧૮

ભાઇ અમુલખ વરધી પામેરે. ઓતા.
માતા હુલરાવે લેઇ સામેરે. જૈન. ૧૯
દેખી પુત્રને રાજી થાતીરે. ઓતા.
મનડામાં ખુબ મકલાતીરે. જૈન. ૨૦
સૌ સગા સહોદર મલતારે. ઓતા.
દીલ ખુશ થઇ અઢળક ઢળતારે. જૈન. ૨૧
દીન પ્રત્યે મોટા થાવેરે. ઓતા.
ધીરતાથી મા ધવરાવેરે. જૈન. ૨૨
એ બીજી ઢાળ મે દાખ્યં રે. ઓતા.
ચુનીલાલ કહે ચીત રાખીરે. જૈન. ૨૩

મનહર છદની ચાલ.

બાળપણે ખેલ કરે, દેખી દ્રષ્ટે દીલ ઠરે,
માતા મન નેહ ધરી, રાજી રૂદે થાતીહે.
પ્રેમે લેઇ છાતી સાથ જનુની ભીડત બાથ,
હૈડે લગાવી હાથ પ્રીની પોતે લતી હે.
નયનમાં નેહ ધરી, નીરખત ફરી ફરી,
આલીંગન અતીકરી પારણે ઝુલતી હે
કર મધ્યે દોરી લહી સનમુખ ખડી રહી;
ભોર ભયે તૈયાર થઇ, હાલરડુ ગાતી હે.

ઢાળ ત્રીજી.

(માતા ત્રીશલા ઝુલાવે પુત્ર પારણે એ રાગ.)
માતા મધુબાઇ ઝુનાવે પુત્ર પારણે,
ગાવે મધુરાં કઠે હાલરડાનું ગીત;

ઝીણા સ્વરે જાણે કોયલડી ટૌકી રહી,
પુરણુ પુત્ર ઉપર અંતરની છે પ્રીત.
હાલો હાલો હાલોરે હાલોરે મારા નંદને ગાથા. ૧
સાગી મોંઘા મલબારી કેરૂં છે પારણું,
ઝીણી રેસમ દોરી પકડી આંગળીએ પાંચ;
પારણું લટકાવ્યું છે પીતળ કેરી લાકડી,
ખેંચે ખાંત કરીને, ન આવે ઉની આંચ. હાલો. ૨
હું તો અવનીમાં થઇ છું ભારે ઉજળી,
મારી કુખે આવ્યા ઉતરવા ભવપાર;
હુંતો પુત્ર પનોતી આજે થઇ છું પ્રેમદા,
મારા પુન્યતણો રહ્યો નહી પાર લગાર. હાલો. ૩
નંદન નીરખી નીરખી નેહ મુજને વાધે ઘણો,
સુરતી મુરતી દેખી મન મારૂં મકલાય;
હુંતો આઘી પાછી ફરૂં તો મન માને નહી,
મારા નદન વીના ઘડીએ નવ રહેવાય. હાલો. ૪
નદન બે ભાઇ કેરા છો વાલા બંધવા,
નદન પ્રેમ દયાળુ પીતા છે તુમ ધીર;*
નદન કુટુંબને કબીલા કેરા સાથીઆ,
નંદન બે બેનીના વાલા બધવ વીર. હાલો. ૫
મારા લાડકવાયા લઉં હું તારાં વારણાં,
વારી વારી તારૂં મુખડું જોઇને આજ;
નંદન મોસાળેથી માસી મામા આવશે,
ચીજો ત હ તરેહની લાવશે તારે કાજ. હાલો ૬
નંદન ફુઇઓ તારો ફુઇઆરૂ લેઇ આવશે,

નદન ઝબલાં ટોપી રેશમી રૂમાલ;
નંદન અંગે તારે પહેરાવ્યાંથી ઓપશે,
નંદન કાજળ ટપકું કરીશ તારે ગાલ. હાલો. ૭
નંદન મોટા થાશો પરણાવીશું પ્રેમદા,
નંદન સરખા સરખી શોભીત નારી જોડ;
નંદન ઘરમાં ફરશે ગુણવંતી વહુ ગોરડી,
નદન નજરે જોઇને પુરણ થાશે કોડ. હાલો. ૮
નદન પાચમા વરસે નીશાળે બેસાડસું,
નંદન મહેતાજી બોલાવી મારે ઘેર;
નંદન પહેરી ઓઢી પાટી લઇને ચાલજો,
નંદન શાળામાં જઇ ભણજો સારી પેર. હાલો. ૯
નંદન લગ્ને મામા મોશાળુ લેઇ આવશે,
નંદન ઘરમા મળશે કુટુંબને પરીવાર;
નંદન ઘરમા બાંધીશ ચંદરવાને ચાકળા,
નંદન તોરણીયા બાંધીશુ ઘરની બહાર. હાલો. ૧૦
આવી રીતે વર્ણવ્યું અમુલખભાઇનુ પારણું,
જેના નામ પ્રતાપે વરતે મંગળ માળ;
મેતો હુંશ કરીને હાલરડું હલકારીયું,
રચીયુ રાજનગરમાં રહીને ચુનીલાલ. હાલો. ૧૧

ગજલ ૧.

સુણો સ્વામી તમે મ્હારા, પ્રભુ છો પ્રાણથી પ્યારા;
કહું કરજોડીને દારા, ખડી રહી સ્યામને તારા;
કહે કરજોડીને દારા. ૧

વાલા વીચાર જો મનમાં, તુરગ ઉઠયા કરે તનમાં;
પડે નહી ચેન ચીત સારા, કહે કર જોડીને દારા, ૨
થયો છે પુત્ર તો મોટો, ખીલ્યો જેમ પુલનો ગોટો,
મારે છે અંગ ભભકારા, કહે કરજોડીને દારા. ૩
પરણાવો પ્રેમથી પ્યારી, અતી આશ પુરશે મારી,
હવે નહી વાત ઉદ્ધારા, કહે કરજોડીને દારા. ૪

ગજલ ૨.

સુણો તમે પ્રેમથી પ્યારી, પ્રીયા મારી તું દીલદારી.
પરણાવું પુત્રને પ્યારી, પ્રીયા મારી તું દીલદારી. ૧
રૂપાળી જોઇને રીતી, ખુરાઈની વાતમાં બીતી;
સદા શુભ રીતમા સારી, પ્રીયા મારી તું દીલદારી. ૨
નીર્મળ નેણુને નીતી, દીલમાં પ્રેમની પ્રીતિ,
નહી વિષય વિકારી; પ્રીયા મારી તું દીલદારી. ૩
લાવું લલીતને શાણી, પ્રીયા ચીંતા કરે શાની;
ધીરજ તુ રાખજે ધારી, પ્રીયા મારી તું દીલદારી. ૪

(મરાઠી સાખી).

અમુલખભાઇનો વિવાહ કીધો, નારદીપુર છે ગામ;
ઉમેદરામ નાગરની દીકરી, દીવાળી છે નામ;
કર્યુ સગપણ સાહી, કન્યામાં કાંઈ ખામી નહીં. ૧
લગન લીધુ આવી ઉમેદરામે, ઓગણીસે ચાલીસ શાલ;
મહા મહીનાની સુકલ પક્ષને, આઠમ છે ઉજમાલ;
શુભ જોવરાવી લગ્ન, વેવાઇ બંને થયા મગ્ન. ૨

ઢાળ ચોથી.

(રાગ ઓખાહરણુનો).

લીધું લગ્ન વેવાઇએ જ્યારે, રાયચંદ રાજી થયા ત્યારે;
સજ્જ થઇને સામગ્રી કરતા, ખર્ચ થયા થકી નથી ડરતા. ૧
ચોળા અડદ સુકનમા લાવ્યા, તેના પાપડ વડીઓ કરાવ્યા;
કરવા આવે નાતનીનારો, વણે પાપડ મુકે વડી સારી. ૨

(ગાયન હરમાન ઘરમા હડીયો કરે એ રાગ.)

ઘરમાં પાપડ વડીઓ કરે, તારે સુંદરી આવીને સર્વે મળે;
મળે છે બાળાને રાગ રૂપાળા ત્યાં ગાતી રસીલીને ચીત ચળે. ઘરમાં. ૧
નાજુક નાની વડીઓ કરતી, હર્ષ અતી ઊમગજ ધરતી;
અમુલખભાઇને દેખીને ઠરતી, ખારેકોના ખોળા ભરતી. ઘરમાં. ૨
પાપડ વણુતીને પીઠું ખાતી, ગોરડીઓ મળી ગીતજ ગાતી;
અંતરમાં ઉમળકો લાતી. લેઇ પતાસાને ચાલી જાતી. ઘરમાં. ૩

રાગ ઢાળનો.

લગ્ન દીવસ રહ્યા છે દસ, ધર્યો લેવો છે જુગમાં જસ;
ફુઇ લાડ લાડુ લેઇ આવ્યા, ભાત ભાતની મીઠાઇ લાવ્યા.
માતા મધુબાઇ મન મહાલે, પહેરી ઓઢી ફરે છે રસાલે,
મળે કુટુંબ તણા નરનારી ભલી ન્યાત ઘણી ભાવમારી
રાત પડતાં રામા રૂડી રીતે, ગાતી ગોરડી પુરણ પ્રીતે,
મંગળ ગીત મનુ‍ની ગાતી, હુંનીલીઓ બહુ હરખાતી,
ખુબ ખારેકોને પતાસાં, આપી પુરે અબળાની આશા,
પછી આનંદે ઘેર જાતી, પાછી પ્રભાતે તતપર થાતી.

ગોરી જાતી પ્રભાતીયાં ગાવાં, ત્યાંતો લેતી લાખેણા લાવા.
ભાઈ અમુલખ પીઠીએ ચઢીઆ, એમના વેરી તે પાછા પડીયા;
પીઠી ચોળે ભોજાઇઓ ભાવે, નીર્મળ નીરથી નવરાવે,
લગ્ન દીવસ આવ્યો જ્યારે ઢોલ ધમકી રહ્યા ઘેર ત્યારે.
મળ્યો સાજનનો પરીવાર, વરરાજા થયા તૈયાર,
જરી જામો પહેરી ચઢયા ઘોડે, કુમકુમ તીલક કર્યું કોડે;
વાગે વીવીધ રાગે વાજાં, શુકન જોઇ ચાલ્યા વરરાજા,
મોડ ધાલ્યો માતાએ ઉમંગે, રામણ દીવડો ઝાલ્યો ઉછરંગે.
વરઘોડો વેગ કરીને, આવ્યો માઠવે ચૌટું ફરીને,
માંડવડે ગલીચા બીછાવ્યા, સાજન મંડલ બેઠા વરરાયા;
પુરણ થયા પીતાના કોડ, મેતો જુગને શુ કીધી જોડ,
એ ચોથી ઢાળ રસાલ ચુનીલાલનું મંન ઉજમાલ.

મરાઠી સાખી.

તોરણે વરરાજા કીધા, સાસુજી પુખવા આવ્યા,
ધુંસળ મુસળ લાવી રવૈયો, હર્ષ ધરીને વધાવ્યા;
કુંમકુમ તીલક કરી, પુંખ્યા જમાઇને પ્રેમ ધરી. ૧

(રાગ ઝીણા મારૂજીઓ રાજ.)

તોરણથી વરરાજા માંહ્યરામાં જાય
મનોહર છે માંહ્યરૂ, ઝાઝા દીવડા ઝળકાય.
સોભા જુવે સૌ લોક એ આંકણી,
બ્રાહ્મણ બેઠા પાઠ ભણે, માનુની મગળ ગાય;
કન્યા પધરાવી સૌને હર્ષ ન માય. સોભા જુવે સૌ લોક.
હાથે વાળો મેળવ્યોને, વરત્યો જેજેકાર,

વરમાળા કોટે નાંખી, કન્યા વરને સાર. સોભા. ગાથા. ૩
માંહ્યરા વીધી પુરણ કરી, બ્રાહ્મણ ઊઠયા સૌ;
ચોરીમાં વર કન્યા આવ્યા, સોભા તે શી કહું. શોભા ગા. ૪
મગળ ફેરા ફેરવ્યા, ત્યા ચોરીમા ચાર;
બાજોઠ થાળો મુકી, સાસુએ પીરસ્યો કંસાર. શોભા ગા. ૫
છેડો ઝાલ્યો સાસુજીનો, જમૈએ ત્યા સહી,
હીમ સવા ગદીયાણાની, વીંટી આપવા કહી શોભા ગા. ૬
એકી બેકી રગે રમ્યા વર કન્યા સાર;
કુમકુમ થાપા દીધા ઘરને દુવાર સોભા ગા ૭
'લગ્ન' વીધી પુર્ણ કીધી, પોચ્યા સૌના કોડ,
જોઇ જોઇ હરખાય છે વર કન્યા કેરી જોડ. સોભા ગા. ૮

(મરાઠી સાખી.)

લગ્ન વીધી પુર્ણ થઇ છે, વરત્યો જેજેકાર,
આનદે વર કન્યા લેઇ રાયચદ થયા તૈયાર.
સોભા લગ્ન તણી, સર્વે આવ્યા ઘર ભણી. ૧

(છપ્પા)

પરણી આવ્યાં ઘેર, વર કન્યા સજોડે;
આનદે શુભ પેર, પુછ્યા માતાએ કોડે.
કરતા ઘરનુ કામ થયા અમુલખ મોટા;
ઊપાડયો ઘરભાર, નહી અપ લક્ષણ ખોટા.
વળી રીતી રૂડીથી ચાલતા, વેપાર પોતાનો કરે;
નહી કરે ફેલકે ફદ, નહી ફોગટના ફરતા ફરે. ગા. ૧
અમુલખ તણા બે ભાઇ, એક નાનો એક મોટો;

ન મળે વેર વીરોધ, ત્રણુનો જુગતે જોટો.
બે ભાઇના બે નામ, કહું છું તે હું જાણી;
મગનને ત્રીકમલાલ વદુ છુ સાચી વાણી.
વળી બે પોતાની બેન છે, નાની, દીવાળી નામ છે;
મધુબાઇની અંગ જાતના, એ પાચે તમામ છે. ગા. ૨
લખ્યા લેખ લીલાટ, કદી કાળે નવી મૂકે;
જે ભવીષ્યની વાત, અવસ્ય તે તો કેમ ચુકે.
અમુલખના મા બાપ, વળી પરણેલી પત્ની;
સ્વર્ગે કીધો વાસ, જુઓ કરમની કથની.
ઉદાસી અમુલખ થયા સોક સરવને વ્યાપીઓ. ૩
પછી મૂકી કલેશ તમામ, સમતા માર્ગ સાધીઓ;
હવે અમુલખની વાત કરૂ ચરીત્ર જારી;
મન ધરી ઉલ્લાસ, સુણો સૌ નરને નારી.
કરવા બીજી નાર, મન વીચારજ કરતા;
જોવી સદ્‌ગુણી સાર તપાસે સરવે ફરતા.
ધીરજ ધરતા મન વીષે લાવવા નારી ઓપતી;
ચલાવે ઘર વ્હેવાર, સજ્જન મધ્યે શોભતી. ગા. ૪
સાબર તીરે ગામ, વાસણુ જુગ્ને જાણો;
દોલા રાણાની છાપ, પ્રગટ છે તે પરમાણો.
વસે ન્યાત ભાવસાર, ત્યા ભલેરી ભાતે;
વણીક કરે વેપાર, દશા શ્રીમાલી નાતે.
હરગોવન ભાવસારને, પુત્ર પુત્રી છે ઘર વીશે;
રળીયામણી રૂપે કરી, શાણી શુદ્ધ ઘરમાં દીપે. ગા. ૫

ગાયન.

(રાગ વીરા વેસ્યા ન યારી ઉભા અટારી પેલા તમારા પ્રાણ.)

જુઓ રૂડી છે રીતી, નીર્મળ નીતી હરગોવીંદ કન્યાય;
જન્મી જ્યારે માતાની કુખે, પાર્વતી ધર્યું નામ,
આગળ જાતા ઉજ્જળ કીધુ તાર્યું કુળ તમામરે,
છે દીલ દયાળી, બુદ્ધીવાળી, હરગોવીંદ કન્યાય. જુઓ. ૧
માત તાતને લાટકવાઇ, પુત્રી ઉપર ઝાઝો પ્રેમ,
લાડ લડાવેને ઉલટ આવે, રાખતાં રૂડી રહે મરે;
ઠરે નયને નીરખી, હુંસે હરખી, પુરે મનના કોડ. જુઓ. ૨
શાણી વાણી વીવેકે વદતી, બોલતી વેણુ રસાળરે,
શુશીલને બહુ સમતાવાળી, મન થકી ઉજમાળ;
ઘર કામ કરતી, ધીરજ વંતી, મોટી થઇ તે વાર. જુઓ. ૩

(મરાઠી સાખી)

ઉમરે મોટી પુત્રી જોઇને, પીતા કરે પ્રતીપાળ,
હવે વર વરવા થઇ લાયક, કરવુ વેવીશાળ.
લાયક જોઇને ઘર, જમાઇ જોવો બરાબર. ૧

ગજલ.

દીલગીરી ઘણી દીલમાં, અમુલખ આપ લાવે છે,
અરે નહી નાર ઘર માંહી, જોઇ ઉદાસી આવે છે.
અહો ઘર કામ નથી ગમતું, ચીંતા ચીતમાં ધરતા;
અહો મન સ્થીર ના ઠરતું, વળી વીચારતો કરતા.
અરે બાઇ લાવવી નારી, બેસી કેમતો રહીએ;

અરે બાઇ સોધવી સુંદર, નૌતમ નાર તો જોઇએ.
અરે નહી કુળમાં ખામી, વળી કુટુંબતો વાળી;
દ્રષ્ટે જોઇને બાવો, રમણી રૂપમાં ભાળી.
અરે ઢીલ ખુબ ખુશાલી, હોય કોઇ ગામના વીસે,
ખબર તો રાખવી જારૂ તપાસી ચાર તો દીસે.

(મરાઠી સાખી.)

કાગળથી તપાસ કરતાં માલમ થઇ છે જ્યારે;
હરગોવન ઘેર કન્યા છે મોટી, ખબર મળી તે વારે.
જુવો વાસણે જઇ, કન્યા નામે પારવતી બાઇ.
જોઇ કન્યાને સગાઇ કીધી, પારવતીની સાથ;
શ્રીફળ ફોફળને રૂપૈયો, આપ્યો છે જમણા હાથ.
હવે ઢીલ નહી, કન્યા મારી મોટી સહી.
લગ્નનો દીવસ નીરધાર્યો, તે દીવસ તે વાર;
હુંસ કરીને અમુલખતો, પરણવા થયા તૈયાર.
જાવે હેત કરી, હોંસ ઘણી હૈયામાં ધરી
સસરાજીને ઘેર પધાર્યા, વાસણા ગામ મોઝાર;
શોખીલાને સગા વ્હાલા, નાના મોટા ભાવસાર.
વર કન્યા બે સાથ મીલાવ્યા બે જમણા હાથ.

ઠુમરી ચાલ.

પવીત્ર પાર્વતી બાઇ, ગુણ શુ કહું તારા બાઇ રે,
પવીત્ર પાર્વતી બાઇ, એ આંકણી.
બાળપણામાં રમતી જમતી,
વરસ સાતમે સમજણ આઇરે, પવીત્ર પાર્વતીબાઇ;

માત તાતની આજ્ઞા પાળે, સમતા રસને પાઇરે. પવીત્ર.
જુઠ્ઠી વાણી જીભે નવ બોલે, વદે સત્ય ભાષા સુખદાઇરે.
કુડકપટ કુલટાપણું અંગે, અલગ કીધુ અટકાઇરે. પવીત્ર.
ચુનીલાલ કહે ધન્ય તુજને, રહી પ્રભુસે પ્રેમ લગાઇરે. પવીત્ર.

ઠુમરી બીજી.

ધન્ય ધન્ય નીર્મળ મન વાળી દુષ્ટ વૃતી દીધી દીલ ટાળીરે ધન્ય ધન્ય
જીવ જતન જરણા નીત્ય કરતી; કુરૂણા ધરે કીરપાળીરે. ધન્ય એ. ૧
ચોરી જારી પર ચીત ન ધરતી; રહે શીયળ ગુણે રસાળીરે. ધન્ય ૨
પરધન પર પુરૂષ જોઇને, નીચી નજર દે ઢાળીરે. ધન્ય ધન્ય ૩
અભક્ષ ભોજન કદીએ ન જમતી; જીભ્યા સ્વાદ દીધો ગાળીરે ધન્ય. ૪
ચુનીલાલ કહે ધન્ય બાળા; મનની મહા ઉજમાળીરે. ધન્ય ધન્ય. ૫

દુહા.

ઢાવી સદગુણી સુદરી, પાર્વતી છે નાર,
અમુલખ પરણી આવીઆ, પોતે ઘર મોઝાર. ૧
પાર્વતી બાઇ પ્રીતથી, સાસરીએ શુભ પેર;
ચાલે રૂડી રીતથી, વરતે લીલા લહેર. ૨
સાસુનો વીનય કરે, સસરાની કરે સેવ;
માત પીતા જાણી કરી, કરે ભકિત તતખેવ. ૩

ઇંદ્રવિજય છંદની ચાલ.

પારવની પરનેણુ બની, અતી સુઘડને સુંદીરતા ભારી;
ઘર દીપાવત કામ કરે નીત્ય, લીંપત ધુંપત દેતી સુધારી.
વાસણ મંજત સાફ કરત ખુબ, ઝાપટ કર કે દેતી ઠઠારી;

ઝાક ઝમાળ બનાવત કે ઠીક, છાજતી બાર કરત કટારી.
પેરણુ ઓઢણુ વસ્ત્ર વિવેકથી, વાળન મેલત રાખે સંભારી;
ધાટ ધરેણું તપાસીને મુકત ઢીલકી અંદર રહે હુશીયારી.
આવતને અતી આદર આપત, બોલત બાત મધુરસ વાણી;
નારી અમુલખના ધરમા, સ્થીર તાપણુ ડહાપણુ ને શુદ્ધ શાણી.
ચાલત હાલત ને મરજાદથી, નીકળતી બહાર ઘુંઘટ કાડી;
કુટીલ લપટથી અતી બીતત, દેખત નહી કબુ આખ ઉધાડી.
કુછંદ ફદ કબુ ન કરત તત્વ, ફોગટ ફેલ દીયો છટકાઇ;
સુશીલ સત્ય શિયળમાં શોભત, લેતી પ્રભુમાં લક્ષ લગાઇ

મનહર છંદ.

નઉતમ નારી એવી, સુધારક સારી રીતે;
કેળવણી કરી નીત્યે, રસોઇ બનાવે છે.
રસોડામાં ચીત ધરી, દાળ ભાત શાક કરી,
રોટલી વેલણે વણી, ચુલામાં ફુલાવે છે.
આણે લોટો જળ ભરી, મૂકે છે આગળ ધરી;
નજર છે અમી છે ભરી, રોશ તજી રમે છે.
ખવરાવે ખાંત ધરી, ભુખ્યું કોઇ રહે નહી;
સઉને જમાડી કરી, પૂઠે પછી જમે છે.

દોહરા.

કરે કામ રીત ભાતથી, નહી કંકાસ નહી કલેશ;
ડહાપણુ ને શાંતિ થકી, રહેતી નિત્ય હમેશ.

રાગ ઓખાહરણનો

ચાલે ઘર તણો કારભાર, દીન દીન વધે રે વેવાર,
સગાં વહાલમાં શોભા સારી, નાત જાતમાં ઈજ્જત વધારી. ૧
આળસ અગે તજી કામ કરતી, પડે મહેનત તો નથી ડરતી;
વાત ગુંજની કોઇને ન કહેતી, પડે કસ્ટ તો મનમાં રહેતી. ૨
એમ ચાર વર્ષ વીત્યાં જ્યારે, શ્રીમત આવ્યુ પાર્વતીને ત્યારે;
રહ્યુ શ્રીમંત મન હરખાતી, રાતી માતી ઘણી દીન થાતી. ૩
કરે ગર્ભતણું જતન, ઘણું રહેતી મન મગન,
નહી ખાઈ ખાટુ જમની, અતી અહાર કદી નવ કરતી. ૪
ઝાઝી નીંદ્રા નેણ ન લેતી, ચતુરા રહે ચીતમા ચેતી,
ગર્ભ પોષણ કરે દીનરાત, પછી થયો છે સાતમો માસ. ૫
મળ્યાં સગા સહોદર સાથ, બાધી રાખડી જમણે હાથ,
ખોળો ભર્યો છે ખાંતે કરી, પૂર્ણ આશા પારવતીની ઠરી ૬
ઓગણીસ અડતાળીની સાલ, પોશ માસ અતી ઉજમાલ,
સુદી દસમીને પ્રભાતે જન્મી પુત્રી રૂડી રળીઆતે. ૭
કરે પુત્રીને પોસીને મોટી, નહી દાનત દીલમા ખોટી,
પછી આવી ચોપનની સાલ, મહીનો મહા મગળ માલ. ૮
સુદી પૂનેમ રૂડી લાગે, પુત્ર જન્મ થયો બાર વાગે;
પુત્ર જન્મી થઇ વધાઇ, સૌ હરખ્યા બાઇને ભાઇ ૯
જોઇ પુત્ર તણું તવ મુખ, દેખી દુર ટળ્યાં સૌ દુખ,
કરે પુત્ર તણી પ્રતિપાળ, ખોળે લેઇ રમાડે છે બાળ. ૧૦
રમાડે છે દાદા ને દાદી, ત્યારે ફુઇ આવ્યાં ફરિઆદી,
બાપા નામ પડામણુ લાવો, આપી પુરો કરો મારો દાવો. ૧૧

નામ હરજીવન ત્યાં ધરીયું, સૌ વ્હાલાનું કાળજું ઠરીયું;
નામ હરજીવન હેત ધારી, રૂપૈયો લેઇ ફુઈ ચાલી. ૧૨
પાર્વતી પૂત્રની સગે, ઘણી રહેની મન ઉમગે;
એ ઢાળ પાંચમી ગાઇ, જ્યારે શાંતિ સરવને પાઇ. ૧૩

(મરાઠી સાખી.)

પુત્ર મોટો પાર્વતી કરતી, નિત્ય નિત્ય નવી નવી રીતે;
નવરાવે ધવરાવે અંગે, ઝુલાવે છે પ્રીતે;
પારણુા પાસે ખડી, નિહાળે છે ઘડી ઘડી. ૧

હાલરડુ.

પારણુ તો પરસાળે મૂકીને પારણાની દોરી ઝાલી;
ખેંચે છે લટકે, ને મુખના મટકે, ગુમડી રહીછે ઘાલી.
અહો નંદન નાનકડારે, ખમા મારા વાલા, લાડકડારે;
ખમા મારા બાલને ખમા મારા લાલને,
હલોલલો હાલો હાલો એમ કહીને હરખાતી. ૧
સાગ સીસમનુ પા ણું કરાવ્યુ ને, ફરતા ફૂમતડા મૂકી,
પાર્વતી પુત્રને હીંચોળે ઝુલણુ રહ્યું છે ઝૂકી
અહો નંદન નાનકડારે ખમા મારા વાલા લાડકડારે. ગા ૨
ઊંઘો હરજી માગ લાડકવાયા, ઘરનું કામ ઘણું બાકી,
રાત્ર દિવસ તારે રમવુ જોઇએ, તારથી હુંતો થાકી.
અહો નંદન. ગા. ૩
લે લે રમકડા આપુ તને રમવા, રમો રમો રૂડા રંગે,
લાખેણા તુજને લુગડાં પહેરાવુ, ઓપતાં તારે અંગે.
અહો નંદન નાનકડારે. ગા. ૪

જુગતે કરીને ઝબલું પહેરાવુ, મુસ્તકે મેલું તારે ટોપી;
નાની સરખી તગડી પહેરાવું અંગે રહે તારે ઓપી. ગા. ૫
હાથે પગે તને કલ્લીઓ પહેરાવું, કેડે તે શેર દેઊં ઘાલી;
ચોખ્ખી ચાંદીની ચળકાટ મારે, શોભે રૂડી રૂપાળી. ગા. ૬
મોટા થશો તારે વહુ માનીતી, લાવશુ તારે માટે;
નહી ઉજળીને નહી પણ કાળી, ઘઉં વર્ણીના ઘાટે ગા. ૭
મુશાળમાં તને લઇને જઇશ, તારે દાદાજી ખુશી થાશે;
મામા મામી હર્ષ લાવીને, દેખી તને મલકાશે. ગા. ૮
એવી રીતે પ્રેમે પાર્વતીએ, હાલરડું હલકારી;
ચુનીલાલ કહે માતાના પ્રેમને, જાઊં હું બલિહારી. ગા. ૯

દોહરા.

હરજીવન ઉમર થયો, જાનો નિત્ય નિશાળ,
ભણુતો જઇને ભાવથી, બૂરી ટેવ દે ટાળ ૧
એમ કરતા વર્ષ વીતીયાં, સુણજો શ્રોતા વાત,
ઓગણ સાઠની સાલમા, જન્મી પુત્રી પ્રભાત. ૨
મહા સુદી તેરશ તીથી, વાર શીરોમણ સાર,
આઠ વાગતાં અવતરી, સમરથ નામ શ્રી ાર ૩
પુત્ર મોટો જોઈ કરી, અમુલખ હર્ષ અપાર,
પરણાવું હવે પ્રિતથી. લેવુ લ્હાવો સંસાર ૪
એમ વિચારી મન વિશે, ઉઠયા તેણી વાર,
પાર્વતીને પૂછીઓ, વિવાહનો વિચાર. ૫
તવ પાર્વતી ઊચરે, સુણજો સ્વામી ાથ;
વાત કહું તે સાંભળો, ઊભી જોડી હાથ. ૬

ગાયન.

(વીરા વેસ્યાના યારી ઊમા અટારી પેલા તમારા પ્રાણ.) એ રાગ.

સુણો સ્વામીજી મારા, પ્રાણથી પ્યારા કાને ધરો એક વાત;
કહું તમારી પાસે, પુરણ આસે, સાભળી તે પ્રખ્યાત.
દહેગામ દીપતું ગાયકવાડી, ગામ ઘણું છે રસાળ,
સુંદીર શોભા ને ગામ છે મોટું, સીયાજી રાય ભુપાળરે.
ઘણી વરતી છે સારી વર્ણ અઢારી, શાન્તીથી રહે નરનાર;
નાનચંદ વીરચંદ ભલરા, ન્યાતિ છે ભાવસાર;
તેમને ઘેર છે પુત્રી અનોપમ, ખામી નહી લગારરે.
છે સાંકળી નામે, સુણ્યું આ ઠામે, ઘર લાયક કન્યાય,
નાની ઊમર નેરે અનોપમ, લાવો આપણે ઘેર
પુત્ર પરણાવો રૂડી રીતે, લ્હાવો શુભ પેરરે,
માટે કરો સગાઇ ચીત લગાઇ, ભુલવું નહી લગાર.

દોહા.

અમુલખ મન વિચારીને, કર્યો વિવાહ તે વાર;
નાનચદ વીરચંદને ત્યાં, દહેગામ, ગામ મોઝાર ૧
લીધુ લગ્ન તેની ઘડી, કહે છે દેઇને માન;
લગ્ન દીવસે આવજો, જુગતે લેઇને જાન. ૨
અમુલખે વિવાહ આદર્યો, રાખી હૈયે હામ;
હરજીવન પરણાવવા, ખર્ચે ખાંતે દામ. ૩
પાપડ ને વડીઓ કરી, રચ્યુ ઘર વિશેક;
બારણે તોરણ બાંધીયાં, વિધવિધ કરી વિવેક ૪

સાત વરધ રહી લગ્નની, ગવરાવે નિત્ય ઘેર;
નારી આવે નિત નિત્યે, ગાવાને શુભ પેર. ૫

(મરાઠી સાખી.)

લગ્ન દીવસ આવ્યો છે જ્યારે, જોડવી જબરી જાન;
સગા વહાલાને ન્યાતના માણસ, સારા ને ગુણવાન.
લેવી શોભા ઘણી, જવું છે દહેગામ ભણી.

(વારૂં છું વીઠુનરેકે પાલવ મત તાણો—એ રાગ)

અમુલખ હસેરે તતબર થાવે છે,
સગાવ્હલાંને રે કે તેડવા જાવે છે;
પ્રેમે પાર્વતી રે કે હુસ ધરી હૈયે,
મકલાતી મનમાંરે કે, ખુબી શી કહીએ.
પહેરી છે સાડીરે, કે કસબી કોર તણી,
ચોળી ચમકે છે રે, કે ભરી કસબે ઘણી,
ઘરેણુ પહેર્યું રે, કે રૂડી રીત કરી,
કોટને કાનેરે, કે પહેર્યાં હેત ધરી.
વરરાજાનેરે, કે પીઠી ચોળીને,
ગાવે ગીત બાળારે, કે મુખે બોલીને;
નવાવે નીરરે, કે શરીર શોભવે છે,
વસ્ત્ર પહેરાવ્યારે, કે તૈયાર થાવે છે.
જામો પહેરીનેરે. અછાબા રખ્યા છે,
કેડીએ કકુનારે, કે છાટા નાંખ્યા છે,
તીલક કપાળેરે, કંકુનું કીધુ છે,
હાથમા હુસેરે, કે શ્રીફળ લીધુ છે

શુકન જોઇનેરે, કે ચાલ્યા વરરાજા,
આગળ નગારારે, કે ઢોલ ઘણું વાગ્યાં;
પાછળ છે માતારે, કે જોડે જાનડીઓ,
ગાતી ને વાતીરે, કે સઘળી સંચરીઓ.
મોડ મૂકીનેરે, કે દીવડો ઝાલ્યો છે,
શોભે છે સારીરે, અંબોડો વાળ્યો છે;
ટીકીટો લેઇનેરે, કે ગાડીમાં બેઠા,
સ્ટેશન આવ્યુંરે, કે સૌ ઉતર્યા હેઠા.
વેવાઈ નાનચંદજીરે, કે સામૈયુ કરતાં,
જાનને લેવારે, કે સામા જઇ મળતા,
વગડાવી વાજાંરે, કે માંડવે આવે છે,
જાનૈયા સઘળારે, કે હુંમતો લાવે છે.
જાન ઉતારોરે, આપવા નથી ચુકયા,
જાજમ બીછાવીરે, વળી તકીયા મૂક્યા;
સોઇ કરી સારી રે, ઘણી રૂડી રીતે,
ઢાળ છઠ્ઠો ગાવે રે, કે ચુનીલાલ પ્રિતે.

મનહર છંદ ચાલ.

માંહ્યગમા મન ધરી, બાજોઠે બિરાજ્યા સહી,
કોડ કરી લાવી કન્યા, પ્રિતે પધરાવી છે.
હસ્તનો મિલાપ કરી. વીધી વરમાળા ધણી;
ન્યાતી ગોરે બેઠા બેઠા ગોત્રજ ભણાવી છે.
વર કન્યા પાસે બેસી, ગોરડાઓ ગીત ગાતી;
હ્રદયમા રાજી થાતી, જોતી ધાગી ધારીને.
જુકતીથી જોડી જોઇ, મન મધ્યે મોહી રહી;
બાળાઓ બહાવરી ભઇ, જુવે નરનારીને.

(મરાઠી સાખી.)

વર કન્યાના માંહ્યરાથી ઉઠયા, ગોર ચોરીમાં લાવે;
સજોડે બે પાટલા મૂક્યા; બેઠા ઉલટ ભાવે.
મગળ ફેરા ફરી, કણુસારની તૈયારી કરી;

મનહર છંદ.

તકીયાને ટેકવીને, બાજોઠને ગોઠવીને,
કાસા કેરા વાડકાને, થાળામાં ઠરાવ્યા છે.
જળ કેરી ઝારી ભરો, સાસુજી તૈયાર થઈ;
કોડે કણુસાર લેઇ, પીરસવા આવ્યાં છે.
કણુસાર પીરસીને, ખોબો ભરી ખાંડ નાંખી,
ઘીની ધાર વાડીમાંથી, ઉપર તો કરી છે
વર કન્યાના કાન મધ્યે, સૌભાગ્ય મુખેથી કહી;
આશીશ ઉમંગે દેઇ, પાછી પોતે ફરી છે.

(મરાઠી સાખી.)

ચોરી વિધિ પુરણ થઈ છે, વરત્યો જેજેકાર;
આનંદે વર કન્યા લેઇને, અમુલખ થયા તૈયાર;
શોભા લગ્ન તણી, જાન આવી છે ઘર ભણી. ૧
પરણાવીને ઘેરજ આવ્યા, પાર્વતીએ પુખી લીધા;
એકી બેકી રમાડીને, ઉમગ પુરા કીધ,
આશા પુર્ણ થઈ. અમુલખને શાન્તી ભઈ. ૨
સંસાર વિધિ પુર્ણ કીધી, વૈરાગની રહી બાકી,
પુરવ સુકૃતની છે કરણી, પુન્ય રહ્યા ત્યાં પાકી;
સુણો ચીત ધરી, આળસ અગે અળગી કરી.

(સુણો દીલ્હી તખ્ત ધરનાર ક્ષત્રી કલંક કેમ લેશેરે.) એ રાગ

સુણો સૌ સજ્જન નરનાર, ધરમ હવે દીલ વસ્યોરે;
કહું અમુલખનો ચીતાર, ધર્મ હવે દીલ વસ્યોરે.

પાળે જીનવર ધર્મ રસાળ ધર્મ.
સૌ ધરના થઇ ઉજમાળ ધર્મ.
હલુકર્મી અમુલખ ભાઇ ધર્મ.
હવે વર્તી ધર્મની પાઇ ધર્મ.
કરે સંસારિક સૌ કામ ધર્મ.
જપે નિત્ય જીનવરનું નામ ધર્મ.
કરે સાંજ સવારે સમાયક ધર્મ.
થયા શાન્તિથી શ્રાવક ધર્મ.
નવી રાત્રિ કરતા આહાર ધર્મ.
પાળે શ્રાવકનો આચાર ધર્મ.
દીન દીન સ્થાનકે જાય ધર્મ.
લાગે મુનીવર કેરે પાય ધર્મ.
અમદાવાદ ને સરસપુર ધર્મ.
આવે જાવે થઇ બહાદુર ધર્મ.
કરે પોષા અતી ધરી પ્રિત ધર્મ.
અતિ નિર્મળને રૂડી રીત ધર્મ.
નહી પરની કરે પચાત ધર્મ.
વી કથાની ન કરતા વાત ધર્મ.
પોશામાં ધરે શુભ ધ્યાન ધર્મ.
લેઇ માળા ભજે ભગવાન ધર્મ.

ઊપાધી તજી અતી દુર ધર્મ.
રહે સમતામાં ભરપુર ધર્મ.
વળી તપસ્યા કરે ધરી કોડ ધર્મ.
મમતા દીલથી દે છોડ ધર્મ.
કરે આંબીલ ઓળી સાર ધર્મ.
એક ટક જમે ઘણી વાર ધર્મ.
નિત્ય નિત્ય કરે છે નેમ ધર્મ.
કરે પોરસી ધરીને પ્રેમ ધર્મ.
કરે ઊપવાસ છઠ અઠ્ઠમ ધર્મ.
ચાર પાંચ કરે એકદમ ધર્મ.
ઘણા જીવ દયા પ્રતિપાળ ધર્મ.
ત્રસ થાવરના રખવાળ ધર્મ.
કરે સવર શુદ્ધ પ્રણામ ધર્મ.
ટાળે આશ્રવ તે તમામ ધર્મ.
કાંઇ કરણીમાં નહિ કચાશ ધર્મ.
કરે તપસ્યા ને પુરે આશ ધર્મ.
મેં નજરે જોયું છે ખાસ ધર્મ.
કરી અઠ્ઠાઇ ધરી ઉલ્લાસ ધર્મ.
લાવીને ચડતા ભાવ ધર્મ.
ઘણો લીધો જુગમાં લાવ ધર્મ.
થઇ ઊનટને ઊજમાળ ધર્મ.
ખરચ્યા દામ કહે ચુનીલાલ ધર્મ.

અઠાઇ મહીમા.

(રાધાજી પાસે કાંઈ એક જાદુ છે જાદુ છે—એ રાગ)

અમુલખભાઈની કરણી કે જાઉં હું બલીહારી,બલીહારી.—એ આકણી.

કરી અઠાઈ ઉલટ ભાવે,
સારા શહેરમાં શોભા પાવે, કે જાઊં હુ બલીહારી, બલીહારી.
અમુલખભાઇની કરણી, કે જાઊં હું બલીહારી બલીહારી.

ઘર સ્વચ્છ કરી શણગારી,
જડયા તકતા ચારે પારી. કે જાઊં હું,-અમુલખ૦

ધન્ય આઠ કીધા અપવાસ,
તુજ કરણીમા નહિ કચાસ કે જાઉં હુ,-અમુલખ૦

ઘણો ધર્મનો લેવો લ્હાવ,
દીલ દરશનનો થયો ભાવ કે જાઉં હુ,-અમુલખ૦

સારગપુર દરશન કરવા,
જાઊં મુની પાયે પડવા કે જાઉં હુ,-અમુલખ૦
બગીયો ઘોડા બહુ લાવી,
ઘણા વાજીત્ર વગડાવી કે જાઉં હુ,-અમુલખ૦
મેનો લાવી પુરણ પ્રિતે,
મહીં બેઠા રૂડી રીતે કે જાઉ હું,-અમુલખ૦
ઘણા ઢોલ નગારા ગાજે,
વિધવિધનાં વાજા વાગે કે જાઊં હુ,-અમુલખ૦
વરઘોડો વેગે ચઢાવી,
ઉતાર્યો છે અપાસરે આવી કે જાઊં હુ,-અમુલખ૦

પાછળ ગોરડીઓ ગાતી,
આવી માનુની મન મલકાતી કે જાણું હું,—અમુલખ૦
સૌએ મુનીના દર્શન કરીઆં,
વાંદીને પાછા ફરીઆ કે જાણું હું,—અમુલખ૦
ઘણો અઠાઇ કરીને જશ લીધો,
નવમ દીવસ પારણો કીધો. કે જાણું હું,—અમુલખ૦

(મરાઠી સાખી)

નવમે દીવસે પારણું કીધુ, અમુલખભાઇએ જ્યારે;
પાર્વતી ઘણો પ્રેમ લાવીને, ચાકરી કરતી ત્યારે;
ખવરાવે વિવેક કરી, ભારે ખોરાક અળગો કરી. ૧
દીન દીન ક્રિયા તપશ્યા કરતા, રાખી ક્ષમા ભરપુર,
પછી દીલ વિચાર કરતા, વિષય કરવા દૂર;
કહે ધિક્કારી, વિષયને ઘણો છટકારી. ૨

(છપ્પો.)

ધિક્ક વિષય વિકાર, કરે આત્મનીરે હાની;
ધિક્ક વિષય વિકાર, માત ભગની નવ જાણી.
ધિક્ક વિષય વિકાર, જીવ ચકડોળે ચડતો;
ધિક્ક વિષય વિકાર, ફેરા ચૌગતમાં ફરતો.
ધિક્ક વિષય વિકારને, અમુલખ મન એવું ધરે;
સજવો શિયળ શણગાર, તે દુર ગતને દુરે કરે,

મરાઠી સાખી.

પાર્વતી તત્પર થયા છે, શિયળ વ્રત તો ધરવા;
સજોડે વ્રત આદરવાને, જાય છે બાધા કરવા.
ધન્ય નરનારી, શિયળ વ્રત લે શિર ધારી. ૧

प्रमाणिका छंदनी चाल.

વિચાર મનમાં કરી, ધિરજ દિલમા ધરી;
જાવે અતિ ઉમગથી, સબંધીઓના સંગથી.
આનંદ ખૂબ આણીને, વિષય વિખ જાણીને;
આત્મ ભવ તારવા, શિયળ વૃત ધારવા,
પાર્વતી પ્રિતે કરી, શણગાર અંગે ધરી,
ભલોજ ભાવ લીવીને, સ્થાનક બીચ આવીને.
સજોડે શુભ રીતથી, ઉભા રહ્યા છે પ્રિતથી;
કહે છે કરજોડીને, ધરાવો વૃત ધોરીને.

(ગીરધારીરે વાત કહું તે વિચારો—એ રાગ.)

ઓગણીસેરે ત્રેસઠ કેરી સાલે, માસ શ્રાવણ વરસ્યા કાલે;
તિથી તેરશરે કૃષ્ણપક્ષ અંધારી, રહ્યાં પજુસણ પ્રસારી.
દીન અઠાઇ ધર છે ભારીરે, બેઠા પોશા કરી નરનારીરે;
ઘણી સભા દીપી રહી સારીરે, તે અવસરરે આવ્યાં રંગ રસાળે.
માસ શ્રાવણ વરસ્યા કાળે. ૧
સગાં સાથેરે આવ્યા અમુલખભાઇ, જોડે છે પાર્વતીબાઈ;
મળી ગોરડીરે વૈરાગ ભાવે ગાતી, ખુબ દિલમાં ખુશી થાતી.
ઘણી ગરદી સ્થાનકમાં થાવે રે, બેસવાનો માર્ગ નહી પાવે રે;
ઘણા ઉભા રહ્યા છે ભાવેરે, સભા બીચમાંરે આવ્યા અમુલખભાઇ;
જોડે છે પાર્વતી બાઇ. ૨
કહે કરજોડીરે મુની આગળ નરનારી, સ્વામી સુણો અર્જ અમારી;
ધરાવોરે શીયળ વ્રત શુભકારી જેથી ઉતરીએ ભવપારી.
મુની મહાવૃત કેરા ધારીરે, ઘણા ગુણ તણા ભંડારીરે;

સમતાના છો શિરદારીરે, અહો મહારાજારે જાઊંછું તમને વારી.
સ્વામી સુણો અરજ અમારી. ૩

સભા માંહી રે ઉભા રહ્યા છે ઉમંગે, જોડે પાર્વતી સંગે;
જુવે શ્રોતારે નજરે ધારી ધારી, કહે અમુલખભાઇ બલીહારી,
પછી મુનીવર કહે છે દાખીરે, વ્રત ધરવા પ્રભુની સાખીરે;
નરનારી રહ્યાં ચીત રાખીરે, પહેરી ચુદડારે શીયળવ્રતની તો અંગે;
જોડે પાર્વતી સગે. ૪

ગુણ દાખવેરે મુનીવર શિયળતણું, કહેતાં ન રાખે મણા,
હાથ જોડીરે ઉભા રહ્યા શીર નામી, તવ વદતા રૂગનાથજી સ્વામી;
પછી વ્રત ચોથુ ઉચ્ચારીરે, અતિચાર પચને ટાળીરે;
મુની વદે વાણી રસાળીરે, મોટા ગુણ છે રે શિયળવ્રતનાં ઘણા;
કહેતાં નવી રાખે મણા. ૫

આવશ્યક સુત્રરે શ્રાવકનુ છે સાર, તેમા વ્રત કહ્યા છે બાર;
તેમાં ચોથુરે શિયળવ્રત સુખકારી, વાણી જીનવરે ઊચ્ચારી,
એક કરણને એક જોગરે, તજાવ્યા સર્વે ભોગરે.
દુર ટાળ્યો વિષયનો રોગરે, સૌ હરખ્યારે આનદે તે વાર;
તેમા વ્રત કહ્યા છે બાર. ગા. ૬

સભામાંરે પામ્યા છે શાબાસી, ધન્ય અમુલખભાઇ ઉલ્લાસી,
જીન ધર્મનીરે થઇ છે જયકારી, વૃત્તિ છે મગળ મારી,
વ્રત ચોથુ રહ્યા આદરીરે, પછી લ્હાણી પતાસાની કરીરે
સભા સર્વે પછી પરવરરે, ચુનીલાલેરે કહ્યું તે પ્રકાશી;
ધન્ય અમુલખભાઈ ઉલ્લાસી. ગા. ૭

દોહા.

અમુલખભાઈ વ્રત આદરો, કરે ધર્મ ને ધ્યાન;
તપ જપ ક્રિયા આકરી, કરે ઘણો ગુણવાન. ૧
આબેલ ઓળી બહુ કરે, લુખા ભોજન સાર;
એક ટક નિત્ય વાપરે, શાન્તિ દિલ મોઝાર. ૨
ઘણાં વરસ એમ પાળતાં, શ્રાવકનાં વ્રત બાર;
શુભ કરણ શુભ જોગથી, ટાળે છે અતિચાર. ૩
બારવ્રત શુભ પાળતાં, ડગતા નહિ લગાર,
પછી વ્રત તેરમા તણો, કરતા વડો વિચાર ૪
કાયા જાણી કારમી, કરી છે વારવાર;
મોહ ઉતાર્યો મન થકી, સુણો તેનો અધિકાર. ૫

કાયા ધીટકાર—ચાલ ભુજંગી.

કાયા કારમી છે કાચો કુંભ તેવી નહી તો ભરૂસો નહિ રાખ્યા જેવી;
અહો ભવ્યપ્રાણી નક્કીમન ધારો,અરે ગંદી કાયા ભરૂસો શું તાહરો. ૧
ઘણા લોહી ધારીઘણા રોગ વાળી,ઘણી તોસડેલી ઘણી ખુબ કાળી;
ઘણી દુર્ગંધી ઊડે છે અપારો, અરે ગંદી કાયા ભરૂસો શું તારો. ૨
ઘડીમાં છે માંદી ઘડીમાં છે સાજી,ઘડીમા છે ફીકી ઘડીમાં છે તાજી;
ઘડીમાં બેસીને ખાતી ઓટકારો, અરે ગંદી કાયા ભરૂસો શું તારો. ૩
ઘણી તોછે સુકી ઘણી પુષ્ટભાળી,ઘણી આખે અધી ઘણા તેજવાળી;
રાખે તારો ગર્વ ગાડો બનનારો, અરે ગંદી કાયા ભરૂસો શુ તારો. ૪
ઘડીમાં વિકારી ઘડીમા નિરોગી, ઘડીમાં પીડાતી ઘડામાં છે ભોગી;
ઘડી રહી ઢીલી, થતી હુસીયારો, અરે ગંદી કાયા ભરૂસો શું તારો. ૫
ઘણી હુઇ હુઠી ઘણી તોછે લુલી, ઘણી ભાનવાળી,ઘણી ભાન ભૂલી;
ઘણા સત્ય રાખે નહિ છતબારો, અરે ગંદી કાયા ભરૂસો શું તારો. ૬

ઘડીમાં દીઠી ખુબ મસ્તાનવાળી, ઘડીમાં નરમને પડી ખૂબ ખાલી;
ટકાવી ન ટકે ઘડી પળવા ।, અરે ગંદી કાયા ભરૂસો શુ તારો. ૭
ઘણો ઠાઠ કરતી ઘડીમાજ પડતી, ઘડીમાં દીઠેલી ઘડીમા ન જડતી;
દેતા ગુણીજંન તને ધીક્કારો, અરે ગદી કાયા ભરૂસો શુ તારો. ૮
ઘણીતો ભટકતી ઘણા દેહ ધરતી, ફરે ખૂબ ફરતી ઘણા ભવ્ય કરતી;
ઘણા દુઃખ વેઠયાં રહ્યા નહિ પારો અરે ગદી કાયા ભરૂસો શુ તારો. ૯
જુવે નહિ ઘર પડે થઇ ભિન્ન, જુવે નહિ રાત જુવે નહિ દિન;
રહે નહિ રાખી અરે તન્ન ભારો, અરે ગદી કાયા ભરૂસો શુ તારો. ૧૦
અરે દુષ્ટ દુગી, નહી ઢગ વાળી, પડે બીચ રસ્તે, દેની આગ ઢાળી;
ત્યાગી મુની તને થયાભવ્ય યારો, અરે ગદી કાયા, ભરૂસો શુ તારો. ૧૧
દીઠી નીજ દ્રષ્ટે, થયા છે વૈરાગી, કહે અમુલખ દેઊં તને તાગી,
હવે વીશ્વાસ નહી ધરનારો, અરે ગદી કાયા ભરૂસો શુ તારો. ૧૨
અરે એ વીચારી પ્રભુ ચીત ધામી, થઇ શુદ્ધ બેઠા જોડી હાથ સામી.
વદે ચુનીલાલ સુણો મુજ યારો, અરે ગદી કાયા ભરૂસો શું તારો. ૧૩

દોહરો.

એમ કાયા ધીટકારીને, ધરે પ્રભુનુ ધ્યાન,
અરજ કરે પ્રભુ આગળે, અમુલખ ભાઇ ગુણવાન. ૧

લલીત છંદ ચાલ.

જય વીર વીભુ વીશ્વના પતી, કરજોડી કહું સુણો વીનતી;
દેવાધી દેવ તું, દેવ માહરો, આધાર ભુવળે શરણ તાહરો. ગા. ૧
સુણજો પ્રભુજી કર્મની બીના, કોણ તારનાર તહરા વીના;
બાંધીયાં બહુજ પાપ તો ઘણાં, દીલ નવી ડર્યો રાખી ન મણા. ગા. ૨
અનત ભવથી ભમતો ફરૂં; અનાદી કાળથી કર્મ તો કરૂં;
અઢાર પાપ તો લાગીયા મને, સકળ કહું છું તાહરા કને. ગા. ૩

પાંચસો ત્રેસઠ, જીવ ભેદ છે, જીનવરે કહ્યા, સુત્ર વેદ છે;
છકાય જીવને, મારોયા બહુ, ઘણો જ પાપી હું શું હવે કહું. ગા. ૪
ચાપણુ ઓળવી પારકી ધણુ, દબાઇ તો પડયો, દેવાળીઓ બની;
અસત્ય વાણી તો, જીભથી ભણો, અજ્ઞાન અંધ હું દોષ ન ગણો.ગા.પ
ખાતર પાડીયાં, ચોરી કરીને, ગજવા કાતર્યા લેઇ છરીને,
ડાંજ તોલને કુડા માપરે, કપટ તો કર્યું ઓય બાપરે ગા. ૬
પરનારી સાથ, પ્રીત કરીને, ક્રીડા બહુ કરી, દીલ ધરોને;
રંગ ભોગ સુખ, ભોગવી રહ્યો, મરણુ પામીને, નર્કમાં ગયો. ગા. ૭
લક્ષપતી બન્યો, ધન પામીગો. ક્રોડપતી થયો. દેશ જામીગો;
લોભ નવી ગયો, દીલ તો વીશે; રાત દીન ભમ્યો. સઘળી દીશે.ગા.૮
મુસાફરી ગયો, ભુમી ભટક્યો, રવપ ટાળવા, નવી અટક્યો;
ઊંચે નીચે વળી, જળ વાટમાં; ફર્યો ફર્યો અતી, ઘાટ ઘાટમાં ગા ૯
વૃક્ષ વાઢીયાં, ફળ ફોડોયાં; કુણાજ પાદડા, ટપ તોડીયા
સમાર્યા શાકમે, કાઢી છાલ રે, અરર પાપની, બાંધી પાળ રે. ગા ૧૦
પંચાત પરની કરવા ધસ્યો; અનરથા દંડનો, ભય ન કસ્યો;
મરે છે માનમા શેઠીઓ થઇ, ઊંધું ચીતું કરે બુદ્ધિ તો ગઇ ગા. ૧૧
એકાંત ઘટમા પ્રેમ આણીને, ભજ્યો નહિ પ્રભુ, સત્ય જાણીને;
સમાયક મત્ય તો, સ્થિર મનથી, કરી નહિ કદિ એક તનથી ગા.૧૨
વિવેક વિધિએ, વ્રત દસમું, કરતા તુજને લાગે વસમું;
દસ દીશા તણી ધારણા ધરી જપ્યો નહિ પ્રભુ સ્થિરતા કરી.ગા.૧૩
પોષો નવી કર્યો પ્રિત તો થકી, આતમ વાસ તો કર્યો ન જરી,
પેટ ભરો થઇ, પેટ પોષનો, અરેરે દિલમા નવી સોષનો. ગા. ૧૪
સાધ સાધવીમા ચીત ન ગ્રહ્યું, જમતી વખત યાદ ન રહ્યું;
સુપાત્ર દાન ન સંતને દીઓ, ઊતમ લાભ તો, એક ન લીઓ. ગા.૧૫

ચંડાળ ચાડીઓ, દુષ્ટ કામી રે, કુલ બુરા કર્યા છું હરામી રે,
જય વીભુ વડા, વદુ આ સમે, સકળ વિશ્વના, નાથ છો તમે.ગા.૧૬
તુમ દયા થકી, આપદા ટળે, તુમ પસાયથી મોક્ષ તો મળે;
સકળ દોષની, માફી આપજો, સુણીને વિનતી, કષ્ટ કાપજો. ગા.૧૭
અમુલખે એવી, આપ આગળે, અરજ તો કરી ઇષ્ટ આ પળે;
ચુનીલાલ કહે સત્ય માનજો, કૃપાનિધિ પ્રભુ, દીલ આણજો ગા.૧૮

દુહા

અણુસણુ કરવા ઉલસ્યા, ધરીને પુરણ પ્રિત;
ઘર મડળ સગા વિશે, કહે છે રૂડી રીત ૧
આપો મુજને આજ્ઞા, અણુસણુ કરૂ શુદ્ધ થઇ,
પાર્વતિ વાણી સુણી, સાન શુદ્ધ સબ ગઇ. ૨
અરે નાથ શુ ઉચરો, એવુ તે કેમ થાય,
આપ વિયોગે એકલા, અમથી કેમ રહેવાય. ૩
પાળું તમારી આજ્ઞા, કરો ધર્મ સંસાર;
આવી તપસ્યા આકરી, કેમ થાય ભરથાર. ૪
અમુલખ મુખ વાણી વદે, સુણ સમજણી નાર,
હવે ટકું નહી અધ ઘડી, શુદ્ધ કરૂ સથાર. ૫
નારી આંખે નીર ઝરે; ઘણી ઉદાશી ભઇ;
વિવેક વચન પતિ આગળે કહેવા તતપર થઇ. ૬

(મરવાં દોહલાં રે, કાયા કેમ કરી છોડશે—એ રાગ.)

પાર્વતી—અણુસણ આકરા રે, સ્વામી કેમ કરીને થાશે;
ચીંતા ચીતમારે, કાયા અંન વિના કરમાશે,
મન મુઝાય છે રે, ક્ષુધા શી રીતે સહેવાશે,
અણુસણુ આકરારે, સ્વામી કેમ કરીને થાશે ગા૦ ૧

અમુલખ—અણુસણુ સોહ્યલાંરે, શ્રાવક સુખે કરીને જાશે;
શુદ્ધ સમકીતમાંરે, રહીને લીન બની મકલાશે,
ચેતી ચાલતારે, દીલમા જરા નહિ ગભરાશે;
અણુસણુ સોહ્યલાંરે, શ્રાવક સુખે કરીને જાશે. ગા૦ ૨
પાવતી—કહ્યું નથી માનતારે, કથ તમે કઠણુ થઇને પડીયા;
અજાણ્યા છો બહુરે મુમત મસ્તાન ઘોડે ચઢીયા,
જુવો વિચારીને રે, મોટા મુનીવર તો લડથડીયા;
અણુસણુ આકરારે, સ્વામી કેમ કરીને થાશે. ગા૦ ૩
અમુલખ—સુણો તમે સુંદરીરે, જેને સમતા રસને પીધા;
નર્ક ત્રીજચનારે, ગતીના દ્વારે તાળાં દીધા,
શુદ્ધ અણુસણ કરીરે, મુનીએ મોક્ષ તણા સુખ લીધાં;
અણુસણ સોહ્યલાંરે, શ્રાવક સુખે કરીને જાશે ૪
પાર્વતી—વહાલા સર્વે મળ્યાં રે, જુવો આ બેઠા તમારી પાસે;
આખે આસુ ઝરેરે, સકળ દીલગીર ને ઉદાસે;
વાત વિપરીતને રે, સુણતાં એક ક્ષિણા નવી ભાસે;
અણુસણુ આકરારે, સ્વામી કેમ કરીને થાશે. ગા૦ ૫
અમુલખ—બાજી જગતનીરે, નક્કી દીલમા જુઠી જાણું;
સુખ દુઃખ સામટુંરે, મે મિથ્યા કરીને માન્યું;
અરિહત સીધને શરણે રહુ તો, મુખરે અણુસણ ટાણું
અણુસણુ સોહ્યલાંરે, શ્રાવક સુખે જગતથી જાશે ગા. ૬
કવી—થાકી નારી રહીરે, પ્રેમ કરીને પાયે લાગી;
અમુલખ ઉચરેરે, પ્રભુની આજ્ઞા લીધી માગી;
છકાઇના જીવનેરે, સૌને ખમાવે વડ ભાગી;
અણુસણુ સોહ્યલાંરે, શ્રાવક સુખે જગતથી જાશે. ગા. ૭

(ભેખરે ઊતારો રાજા ભરથરી)--એ રાગ.
પુરવ દિસે ઉભા રહી શ્રી શ્રી મદિર સાખજી,
અમુલખ લાગ્યા ખમાવવા, જેની ચોરાશી લાખજી,
બક્ષીસ આપો વિભુ માહરા–એ આંકણી. ગા૦ ૧
પ્રથમ પૃથ્વી કાયના, સુડતાળીસ ભેદજી,
ખાતેથીરે ખમાવુ છુ, કર્યો હોય કોઇ પર ખેદજી.
બક્ષીસ આપો વિભુ માહરા. ગા૦ ૨
પ્રાણ હણ્યા પ્રાણી જીવના. દીલ દયા ન ધારી;
નદી કુવા સરોવર તણા, નાખ્યા જીવ વિદારી,
બક્ષીસ આપો વિભુ માહરા. ગા૦ ૩
અગ્નિ સળગાવી અતિ ઘણી, બાળી નાંખી છે ઝાડી,
બારવટીઆના ભવે કરી, મોટી લાહ્યો લગાડી;
બક્ષિસ આપો વિભુ માહરા. ગા૦ ૪
વિવિધ નાખી વાયરા, હૃદયે થયો રંગીયાતજી,
હીંડોળા ખાધા હીંચકે, કીધી વાયુની ઘાતજી.
બક્ષીસ આપો વિભુ માહરા. ગા૦ ૫
વનસ્પતિ જીવ વિરાધીયા, છેદન ભેદન કરતો,
કુણાં કંદમૂળ વાપરી, પાપી પેટજ ભરતો.
બક્ષીસ આપો વિભુ માહરા ગા૦ ૬
બેયદ્રી જીવ બિચારાને, ઇંધણ ચૂલામા ઘાલી,
બાવળ કાઠીના જીવડા, નાખ્યા અગ્નીમા બાળી
બક્ષીસ આપો વિભુ માહરા. ગા૦ ૭
તડકે નાખ્યા ખાટલા, ખુબ માકડ માર્યા,
સડેલા ધાન્યને સૂકવી, જીવ નથી ઉગાર્યા.

બક્ષીસ આપો વિભુ માહરા. ગા.૦ ૮

ગદકી કરી ઘર આગણે, ચાંચડ મચ્છર પડીયા,
દીવા ચૂક્યા દયા નવી ધરી જીવ ચાઉંદ્રી બળીયા.
બક્ષીસ આપો વિભુ માહરા ગા૦ ૯

નારકી ત્રીજચ દેવતા, મનુષ્ય સઘળાને કહુ છુ,
અપરાધ હોય જો માહરો માફી માગીને લઊં છું.
બક્ષીસ આપો વિભુ માહરા ગા૦ ૧૦

અમુલખ ખમાવી સૌ જીવને, બેઠા અણુસણુ કરવા,
અંતર ઘટ વૈરાગ્યથી, પાઠ લાગ્યા ઉચરવા.
બક્ષીસ આપો વિભુ માહરા. ગા૦ ૧૧

ઓગણીસ ઇકોતેરમા, બીજે વૈશાખ માસજી,
કૃષ્ણપક્ષ એકાદશી ઊગતે સૂર્ય પ્રકાશજી.
બક્ષીસ આપો વિભુ માહરા. ગા૦ ૧૨

અણુસણુ કીધો શુભ ભાવથી અતિ નિરોગી કાયા,
ધન્ય ધન્ય અમુલખ ભાઇને, જેને જગ જશ પાયા.
બક્ષીસ આપો વિભુ માહરા. ગા૦ ૧૩

કરણી કીધી આકરી, જુવો પચમે આરે,
બલીહારી તે વારને ભવ આત્મ તારે
બક્ષીસ આપો વિભુ માહરા. ગા૦ ૧૪

સમતા સહિત અણુસણુ કરે, દિવસ થયા છે સાતજી,
જાણુ પડીરે સરસપુરમા, ચાલી સઘળે વાતજી.
બક્ષીસ આપો વિભુ માહરા. ગા૦ ૧૫

શહેર તે અમદાવાદમાં, વાત રહી છે રે જામી;
સુણતાં સૌ અચરજ થયા, રહ્યા વિસમય પામી.

બક્ષીસ આપો વિભુ માહારા ગા૦ ૧૬
ધન્ય ધન્ય મળી સૌકો કહે, બીજી વાત ન થાતી;
શહેર વસ્તી સરવે મળી, નિત વંદન જાતી.
બક્ષીસ આપો વિભુ માહારા. ગા૦ ૧૮
નરનારી સો નેહથી, જાવે બાઇને ભાઇ;
ચુનીલાલ તો વીનવે, રાગ રસીક ગાઇ.
બક્ષીસ આપો વિભુ માહારા ગા૦ ૧૮

દુહા.

નર નારી સો નેહથી, દરશન કરવા જાય,
વાત સુણી અણસણ તણા, હૈયે હર્ષ ન માય. ૧

(હરિગીત છંદની ચાલ)

તતબર થઇ નરનારીઓ, આનંદ સૌને થાય છે;
ટોળે મળીને તારૂણી, દરશન કરવા જાય છે;
બહુ શોભીતા શણગાર, શ્યામાએ શરીરે સારીઆ.
ઊજવળ અંગે ઓપતા, અમુલ્ય વસ્ત્ર ધારીયા ૧
ભભકી રહી છે ભામની, બજરંગ પહેરી બંગડી;
ખીલી રહી ખુબ ચળકતી, જડાવ હીરાની જડી,
પ્રેમે પહેરી છે પાટલી, લટકી રહી બહુ ઘુત્રરી,
કામાના કરમા શોભતી, બહુ નગની તાજી ભરી. ૨
પાછળ ઘાલી કાકણી, આંબળીયા આગે ધરી;
બગલદાણાની બગડી, ઘણીકના હાથે ખરી,
વળી હીમના અતી ભલા, નવીન નવસર હાર છે,
ચળકી રહી જેમ ચાદની, તેમ તેજમાં અપાર છે ૩
વળી સાકળાં સોના તણાં, બહુ મુલનાં ભારે ઘણાં,

શ્રીમંતની સ્યામા બહુ, કરમાં દીપે છે તે તણાં;
વળી કાપને એરીંગ અતી, ઘાલ્યા છે કાને કામની,
શોભે બહુ શીરોમણી, લેલાટ લટકે દામની. ૪
હીરા તણી કઠી અતી, ઝળહળતો ઝળકે સહી,
ખરા મોતીની વાળીઓ, ખુબ નગની ચળકી રહી;
ચરણે ચાંદીનાં સાંકળાં, વળી જોટવા જુગ્તે કરી;
અગુઠીઆ ને ફુદડી, આગળીઓ પાચે ભરી. ૫
સાળુ જરીની કોરના, પહેર્યા પચરગી પ્રિતથી;
ચાલે ચમકતી ચાલથી, રામા રસીલી રીતથી.
ચોઢી કપાળે ટીલડી, લંબ કેશ સમારી વાળીયા;
વળી તેલ ને ધુપેલ, સુગધીદાર માહી ઘાલીયા. ૬
ખરી રીતથી ખાતે કરી, ઘણી ગોરડી ગુણે ભરી;
ચીત ચકોર ચપળા છે ભલી, શિયળના રગે કરી.
વળી શુદ્ધ વૃત્તિ શ્રાવિકા, નાની મોટી છે નારીઓ.
મલકાતી જાવે માનની, આનદ મનમા આવીઓ. ૭
ખૂબ ગાવતીને જાવતી, રગિલીઓ રસ લાવીને,
ખુશ દીલ મધ્યે થાય છે, સસપુર મધ્યે આવીને;
તપસી તણે ચરણે નમી, વીવીધ તો વાંકી વળી,
બહુ પ્રેમથી પાએ પડી, સૌ ભામની ભેગી મળી. ૮
ઘણું લોક થોકા થોક, ત્યાં આવતું ઉમગથી,
અઢારે વર્ણ આવતી, તપસ્યા તણા પ્રસગથી;
અતી ભીડ ભારે થાય છે, દીન રાત સૌકો જાય છે,
વળી સાંજને સવાર, નિત નિત્ય પડિકમણાં થાય છે. ૯
ઘણા નેહથી નરનારીઓ, તપસીજ પાસે ગાય છે,

ઊલટને બહુ ભાવથી, ભગવાન ભક્તી થાય છે,
વળી દેશને પરદેશમાં આ વાત સઘળે સચરી,
પરગામથી પધારીયા, સૌ આવીઆ હુંસે કરી. ૧૦
બલીહારી જાણીં તપસી તણી, વળી ધન્ય અમુલખ માતને,
અણુસણુ જેને આદર્યો, ધન્ય ધન્ય તેમના તાતને;
ચુનીલાલ કહે છે સાભળો, શી કહું શોભા મુખથી,
આનંદના આ વેશમા, મહાલી રહ્યા બહુ સુખથી. ૧૧

(મળવા આવીરે ગર્વ ભરેલી ગોરી એ રાગ)

દર્શન આવેરે, હર્ષ ધરી નરનારી; જુવો સરસપુર શોભા સારી.
દર્શન આવેરે હર્ષ ધરી નરનારી. એ આંકણી
સરખેજ ને સાણુદ ભલેરૂ, વીસલપુર છે ભારી,
મીરોલી, કાસીંદ્રા, પાલડી, ભાત બહુ સુખકારી. દર્શન. ગા. ૧
ધઆવા, ઓગણુ, દદુકા, આવ્યું ઊલટ લાવી,
હીરાપુર, મછીયાય, વીંછીયા, ધુમાને ગોધાવી. દર્શન. ગા. ૨
કડી, કલોલને સૈજ સઘળા, આવ્યા વદન કાજે,
વીરમગામ, વઢવાણુ, વડેરા, બીજા ગામ બીરાજે. દર્શન ગા. ૩
ડેદાદરા, તલસાણા, તાવી, ખેરાલીને વણા,
ડેવળીયું, દેરવાળા, ભરાડા, નામ દેઊ શાં ઘણા. દર્શન. ગા. ૪
રાણુપુર, ધોલેરા, લીંબડી, ધ્રાગધ્રા ને મુળી;
લખતર, લીલાપુર, કર્માજડા, કહેતા જાઊછુ ભુલી. દર્શન. ગા. ૫
પ્રાંતીજ, દહેગામ, ડભોડા, વડોદરૂ છે શહેર;
આવે જાવે દર્શન કરવા, વરતે લીલા લ્હેર. દર્શન. ગા. ૬
ધેટાલા સૌ હુંસ ધરીને, સુરત શહેર છે સોખી;
ખંભાતી ખાંતીલા લોકો, મુબાઇના છે રોપી. દર્શન ગા. ૭

પાટણ, પાલણપુર પ્રીતેથી, આવ્યા દર્શન કરવા,
સીધપુરના સર્વે લોકો, આવ્યા પાએ પડવા. દર્શન. ગા. ૮
આવ્યા સૌકો દર્શન કરવા, માણુસનો નહી પાર;
કેડ બાંધીને કરે ચાકરી, સરસપુર થઇ તૈયાર. દર્શન. ગા. ૯
ચાકરી કરતા ગામના લોકો, સરસપુર શહેર તમામ;
શ્રોતા સર્વે સાંભળજો હવે કહું છું તેના નામ. દર્શન. ૧૦

(કાહનની, ઝુલડીનો રાગ.)

સરસપુર શ્રાવક ભાવશારભાઇ, ઊલટ મનમા લાવી;
ગામ ગામના શાધરમી આવ્યા, તેની ચાકરી ખુબ બજાવી.
અહો ધન્ય ધન્ય શ્રાવકજીરે, ધન્ય છે તુમને,
ભાવશાર ભાઇ સરસપુર સ્થાનક વાશી. એ આકણી. ગા. ૧
આગેવાન થઇને સારવાર કરતા, હૈયે રાખી હામ,
શોભા પામ્યાને જશ બહુ લીધો, દઉ છુ તેમના નામ.
અહો ધન્ય ધન્ય શ્રાવકજીરે, ધન્ય છે તુમને,
ભાવશાર ભાઈ સરસપુર સ્થાનક વાશી. ગા. ૨
પ્રથમ આગેવાન મોતીલાલ છે, રૂખડદાસના તન,
લીંબડીવાળા ભાવશાર જ્ઞાતી, નીરમળ છે જેનુ મન.
અહો ધન્ય ધન્ય શ્રાવકજીરે, ધન્ય છે તુમને. ગા. ૩
બીજા પોપટલાલ કેવળદાસ છે, ગામ વીસલપુરવાળા;
દસા શ્રીમાળી વણીક જાતમાં મનના મહા ઉજમાળા.
અહો ધન્ય ધન્ય શ્રાવકજીરે, ધન્ય છે તુમને. ગા. ૪
ત્રીજા મોહનલાલ છગનલાલ છે, ભાવશાર જ્ઞાતીમા ભારી;
સરસપુર સંઘમાં શોભી રહ્યા છે, ઇજત આબરૂ છે સારી.
અહો ધન્ય ધન્ય શ્રાવકજીરે, ધન્ય છે તુમને. ગા. ૫

ત્રણે જણા તતબર થયા છે, આગેવાન અધીકારી;
કેડ બાધીને મહેનત કરતા, મૂકી ધધો ધારો, અહો ધન્ય. ૬
આ ત્રણ આદે બીજા ઝાઝા, સરસપુર ભાવશાર ભાઇ;
અણુસણનો અતી લ્હાવો લેવા, ઉલટ અંગે આઇ. અહો. ૭
છગનલાલને હરગોવનદાસ, મનસુખરામ ત્રણ ભાઇ,
શામળદાસના પુત્ર અનોપમ, એ ત્રણે સુખદાઇ અહો. ધન્ય. ૮
જીવાભાઇ સુત નારણદાસ છે દલસુખરામ ગીરધારી;
મફતલાલ મુલચદ છે ભેળા, સરવે સાતાકારી. અહો ધન્ય. ૯
સામળ સુત પાનાચદભાઇ, ગુલાબચદ જાઉં વારી;
એ આદે સરસપુરના સર્વે, શુ કહુ વાત વધારી અહો ધન્ય. ૧૦
આવતાને આદરમાન દેતા, રાખતા બહુ રખવાળી;
પેરગી થઈ પેરો ભરે છે, બેસે નહી જપ વાળી ધન્ય. ૧૧
અણુસણ મહીના ઉપર ચાલ્યો, શોભા તે દીનદીન સારી;
ધન્ય અમુલખભાઇ તુંજ કરણી,અમર કીર્તી તારી. ધન્ય. ૧૨
શહેર સકળ સૌ દરશન આવે, રાત દીવસ રહે જારી;
દેશી પરદેશી આવ્યા ઘણેરા, તેના ચાકરી થાયછે સારી. ધન્ય. ૧૩
કીધુ રસોડુ સરસપુર મધ્યે મગનલાલ ઘરમાહી;
બ્રાહ્મણ રસોઇઓ રાધવા રાખ્યો, રસોઇ બનાવે તાહી. ધન્ય ૧૪
જમણની જુગતાઇ કરે છે, મનોહર મોતીલાલભાઇ;
વારી વારી જાઉ મોતીલાલને, ધન્ય વીવેક વડાઇ. ધન્ય. ૧૫

ગરબો.

(અજનીનો જાયો હનુમાનરે સમરૂ બજરગી એ રાહ.)
અહો મોતીલાલ દીલદારરે, દીલમા રગ લાગ્યો;
આગેવાન થઇ કર્યો કારભારરે, દેશ ડકો વાગ્યો. આંકણી.

સાખી

અમુલખ ભાઇના આંગણે, દીન દીન શોભા થાય,
નજરે જોઈ મોતીલાલને, હારે તેના હૈડે હર્ષ ન માયરે;
દીલમાં રંગ લાગ્યો, અહો મોતીલાલ દીલ દાગ્રે,
દેશ ડંકો વાગ્યો, આગેવાન થઈ કર્યો કારભારરે. દીલમાં. ૧

સાખી.

કરે લાણીઓ પતાસા તણી, વહેંચે કરી વીવેક;
ભની મુઠીને આપતા, એમા ગણતરનો નહી નેકરે,
દેશ ડંકો વાગ્યો, આગેવાન થઇ કર્યો કારભારે. દીલમાં. ૨

સાખી

વડો વીવેક મોતીલાલનો, પાણી ગોળા ભરાય:
નાખી સાકર પ્રેમથી, પીધે પેટમા ઠંડક થાવરે. દીલમાં. ૩

સાખી.

પ્રથમ મોણુમ આવીયા, વાદવા સરસપુર શહેર;
પોપટલાલ જમાડતા, લેઇ જઇ પોતાને ઘેરરે. દીલમાં. ૪

સાખી.

ઘણા દીવસ ઘેર લેઇ ગયા, ધન્ય ધન્ય પોપટભાઇ,
રસોડે પછી રીતથી, કરે જમણુની જુક્તાઇરે. દીલમાં. ૫

સાખી.

રસોઇ સરસ કરાવતાં, પડે મોતીલાલ,
સામગ્રી સૌ લાવતા, ઘણો ઉમગને ઉજમાળરે. દીલમાં. ૬

સાખી.

મીઠાઇ મધુરી ભાવથી, મુકે સાંઝ સવાર;
જમાડે જુક્તે કરી, અતી સ્વાદ તણો નહી પારરે. દીલમાં. ૭

સાખી.

પેડા બરફી કળી લાડવા, મગસને મેસુર;
બદામ પસ્તા ઇલાયચી, મહેકે મસાલો ભરપુરરે. દીલમા. ૮

સાખી

વધાર દેતા દાળમા, તેલમાં તળીઆ શાક;
દહીં ભાગી કઢી કરી, જાણે જમવા લાગ્યા દુધપાકરે. દીલમાં. ૯

સાખી

અણુસણુ દીન ચાળીસ થયા, માણુસ ખુબ ભરાય;
નજરે જોઇ નીહાળતા, મોટા ખાચો પણ તવ માયરે દીલમાં.૧૦

સાખી.

અણુસણુ જોડે તપ આદર્યા, ધન ધન બાઇને બાઇ;
અપવાસ નવ કર્યા નેહથી, ધન્ય ભાવશાર મણીબાઇરે.દીલમાં.૧૧

સાખી.

ચુનીલાલ ગીરધર તણી, વીધવા બાઇ છે નાર,
વૈરાગે તપસ્યા કરી, હુંશે અણુસણુની લારરે. દીલમાં. ૧૨

સાખી

હરજીવન અમુલખ તણા, પુત્ર સપુત્ર સાર,
શીયળ વ્રત બાધા કરી, માસ ચારની તો નીરધારરે. દીલમાં.૧૩

સાખી.

વળી છઠ અઠમ થયા, થયા ચારને પાચ.
અણુસણુના પ્રતાપથી, કોઇને આવે ન ઉંની આંચરે દીલમાં.૧૪

સાખી.

બહુ મહેનત મોતીલાલની, કરે દીનને રાત;
અણુસણુ અવસર સાચવે, સારા દેશમાં થયા પ્રખ્યાતરે.દીલમાં.૧૫

(પુનેમ ચાંદની ખીલી પુરી અહીંરે. એ રાગ.)

જુવો નરનારી શોભા અનુલખભાઇ તણીરે,
મોટા લક્ષપતી, શેઠીઆ સાહુકાર;
ઉજવળ મનવાળા નીત્ય નીત્ય આવે વાંદવારે એ આંકણી.

સાખી.

સ્થાનકવાસી શેઠીઆ, નાત તણા પ્રેસીડન્ટ;
ધન્ય જનુની કુખને, જાયા જેસીંગ ભાઇ રતન
જેની ઇજ્જત ને આબરૂ, જામી રહીરે;
અતિ વ્હેવાર, વાધ્યો દેશ પરદેશ ઉ૦ ૨

સાખી.

ઘોડા ગાડી બેસીને દરશન કરવા કાજ,
જેસીંગભાઇ નિત્ય આવતા, ધર્મની દીલમાં દાઝ;
ધન્ય જેસીંગભાઇ બલિહારી તુમ નામનેરે.
મલીચદ જેચદના કુળ તણા શણુગાર ઉ૦ ૨

સાખી.

રૂના મોટા દલાલ છો, વળી ખરીદીઆ સાર,
સ્થાનકવાશી ન્યાતના, મોથી છો સરદાર.
પણ જેશીંગભાઇ તમ આગળ કરૂં વિનતિરે,
હવે તો નાત સુધારો કહુ છુ જોડી હાથ ઉ૦ ૩

સાખી.

ભાવ ધરી ભોટભાઈ તો, દર્શન કરવા જાય.
શ્રીમંત મોટા શેઠીયા, લક્ષપતિ કહેવાય.
ખેમચંદ ઝવેર કુળ દીપક છે ચદલોરે,
ઝલહળ ઝલહળ ઝળકે પુણ્ય તણો પ્રકાશ. ઉ૦ ૫

સાખી.

અસલથી ઇજ્જત ઘણી, પેઢી મુબાઇ શહેર,
દુકાન સરાફની ચાલતી, લક્ષ્મી કરતી લ્હેર.
લીલા શી કહું ભોટભાઇ, ધર્મી ઘણારે;
શ્રદ્ધા જીનવરની શીર સાટે કરી પરમાણુ ઉ૦ ૬

સાખી.

પુન્ય પ્રતાપે પુત્ર છે, શાણા સોમાભાઇ;
વનીત વિચીક્ષણ ઘણા, મનમાં નહી મોટાઇ.
સ્થિરતાપણુવાળા, ડહાપણુમાં ડાહ્યા ઘણારે,
દીન દીન અણુસણુ દર્શન કરવા આવે રોજ. ઉ૦ ૭

સાખી.

પાનાચંદ ઝવેર કુળે, મોટા જમનાદાસ;
દર્શન સરસપુર આવતા, દીલ ઘણું ઉલ્લાસ.
પ્રેમચદ સાંકળચંદ ઘર મંડળ સૌ આવતાં રે,
પુરણુ પ્રીતિ તપસી અમુલખભાઇપર ભાવ ઉ૦ ૮

સાખી.

વળી તળીયાની પોળના, બીજા સૌ તમામ;
ઉલટ અંગ અતિ ધરી, મુક્યાં ઘરના કામ.
ધંધો વેપાર કરવો તો ગમે નહીં રે,
નિત્ય નિત્ય નેહ ધરીને દર્શન કરવા જાય. ઉ૦ ૯

સાખી.

કોડ કરી કેવલભાઇ, નિત થાય તઇઆર,
બગીમાં બેશી આવતા, પોતે વારમવાર;
અતિ ઉમરાવ ઘણા, કેવલભાઈ જશ પામીયારે;

એજંટ મીલ તણા દીલના છે દરીઆવ. ઉ૦ ૧૦

સાખી.

મનોહર માળવ દેશમા, પડે થયા પરમુખ;
સાબાશી લીધી શેઠજી, ધન્ય માતાની કુખ.
રૂપૈઆ હજારો વાવરીઆ જૈન કુમમારે,
કોનફરન્સના હુવા આગેવાન. ઉ૦ ૧૧

સાખી.

અમદાવાદમાં આપ તો, ગરીબ તણા પ્રતિપાળ,
શાતિકર સોહામણા, મુખ છે લાલ ગુલાલ.
અહો કેવળભાઇ મનોહર, મુરતી આપણીરે;
મોટા મોતીની વાળી, લટકે કાન. ઉ૦ ૧૨

સાખી.

દરીયાપરી ગચ્છ દીપતો, છ કોટી શુભ પેર;
જૈન કુમ સઉ આવતી, વરતે લીલા લેહેર.
આનદ આનદ વાધો સરસપુર શહેરમાં રે;
ધન્ય ધન્ય તપસીજી, અમુલખ મંગળ માળ. ઉ૦ ૧૩

(ઇદ્રવિજય છદની ચાલ.)

નાગજી સ્વામી, નમુ શીરનામી, કે કરતે બખાન શ્રી વીરકી વાણી;
જ્ઞાનમાં પુરત કર્મકુ ચુરત, વ્યાકરણ વેદ લીયા હે પીછાણી.
સુત્ર પઢેલ બન્યા વિદ્વાન કે, કહેનેકી ઢબ કીસી લલકારી,
અમૃત ધાર વહે ઝીભસે, લલકે ખલકે હુઇ દીલ પસારા. ૧

(ભુજંગી છદ ચાલ.)

સભા સરસપુર થઈ ઠીક સારી, બની ખુબ બેઠા અહો નરનારી;
સુણાવત સુત્ર નહિ કુછ ખામી, વદે ભાવથી નાગજી સઘ સ્વામી.

૪

ધરી એક ચીને રૂદે રાજી થાતા,બિરાજે સભામા, મુની મહા દાતા;
પ્રકાશે અતિ પ્રીતથી પ્રેમ પામી, વદે ભાવથી નાગજી શુદ્ધ સ્વામી. ૨
પેરી પેઠણી પાઘડી શીર સારી, ઘણા ધનવાન ઘણી સાહુકારી;
મળ્યા શેઠીયાને રહ્યો ઠાઠ જામી, વદે ભાવથી નાગજી શુદ્ધ સ્વામી. ૩
રૂડા છે વિવેકી વડા તો વેપારી, ઘણા લક્ષપતિ ઘણા છે હજારી,
ઘણા સત્યવાદી નહિ ત્યા હરામી, વદે ભાવથી નાગજી શુદ્ધ સ્વામી ૪
ઝાઝા ઝાલાવાડી બેઠા છે ઉમંગે, બાંધી શીરે ફેંટા ધરી વસ્ત્ર અંગે,
અતિ ઊમરાવો ઘાડા ગ્રહસ્થ દામી, વદે ભાવથી નાગજી શુદ્ધ સ્વામી. ૫
પેર્યા કોટ કાળા માથે મૂકી ટોપી, બની બહુ બકા રહ્યા ખુબ ઓપી,
કાઢી બુટ નાખી દીધા દુર ઠામી, વદે ભાવથી નાગજી શુધ્ધ સ્વામી ૬
થઈ વાંકડા ફાંકડા છટાદારી, કરી હાથ મૂછે વડી વાંકી વાળી;
સુણે દેશના તો અતિ સુખકારી, વદે ભાવથી નાગજી શુદ્ધ સ્વામી. ૭
વળી નાની મોટી રસીલી છે રામા,સુણે મુની વાણી બેસી સત્ય સામા,
ઓઢયા સાળુ આછા રંગે તો બદામી, વદે ભાવથી નાગજી શુદ્ધ સ્વામી.૮
વળી બાળને બાળકી તો સુધારી, લેઇ બેઠી ખોળે સભા બીચ નારી,
ખીલી ફૂલવાડી ફૂલી ફૂલ પામી, વદે ભાવથી નાગજી શુધ્ધ સ્વામી. ૯
જોઇ ઠાઠ સભા કેરો સુખકામી, વાણી નાગજીની રહ્યો મોહ પામી,
નમે ચુનીલાલ નીચુ શીર નામી, વદે ભાવથી નાગજી શુદ્ધ સ્વામી.૧૦

દોહરો

દરશન કરવા આવતા, વર્ણ અઢાર તમામ,
શ્રોતા સજ્જન સાંભળો, દેઊંછુ તેના નામ.

(ભુજગી છંદની ચાલ.)

બની ખુબ શોભા જુવો તપસ્યાની, વડી વિભુ દ્રષ્ટિ કરી તો કૃપાની;
અહા રગ જામી, રહ્યો ખુબ રાચી, જુવો ખુબ સર્ધા અમુલખ સાચી. ૧
બહુ સમ ભાવી મહા ટેકવાળા, અહા દ્રઢ ધર્મી ઘણા ઊજમાલા;
સુણી વાત તપસ્યાનિ તો ઉમગે, ઘણા લોક આવી નમે પાયે અગે. ૨
આવે લોકના થોક તો નિત્ય જારી, મળે મેદની ખુશી સાથે હજારી;
ઘણા ગુણ ગાતા રૂદે રાજી થાતા, નમે સોમ આવી પડે પાય દાતા. ૩
કોડે કામની કરજોડી નમે છે, રાજી થઇ રગે સુશીલા રમે છે;
જુવે મુખ સામા મહા સત્યવાળી, પડે પાય પ્રીતે નીચુ અગ ઢાળી. ૪
નમે પાય પડીત ને તો પુરાણી, નમે વિદ્વાન ઘણું હેત આણી;
નમી વ્યભીચારી, થયા વ્રત ધારી, ઘણી તો કુશીલા થઇ શુદ્ધ સારી. ૫
ઘણા ગર્વ ધારી અતિશે મીજાગી, જોડી હાથ પાયે પડે માન તાગી;
કરે ભક્તિ કામી તજી કામ દુરે, નમે ભવ્ય જીવો અહા કર્મ ચુરે. ૬
નમે આવી રોગી, થયા છે નિરોગી, નમે આવે જોગી પડે પાય ભોગી;
નમે રાય રકા મહા લાભ જાણી, નમે શેઠીઆને વળી તો શેઠાણી. ૭
ઘણા તો કુસંગી, ઘણા જગી ભગી, નમી તપસીને થયા સત્યસંગી;
બુરી ટેવવાળા, તજી ટેવ તેવી, અહા તપસીને, થયા શુદ્ધ સેવી ૮
નમે ભાટ લોકો, ભલા છે ભવૈયા, કરે ગ્નાન તાન વળી તો ગવૈયા;
ગાવે ગીત બાળા, રસીલા રૂપાળા, શોભે મોતીવાળી ગલે બીચ માળા. ૯
આવે જૈનધર્મી અહા અન્યપથી, તાણી લાબા ટીલા ગળામાં છે કંઠી;
બની ખૂબ શરા આવે સત્યવાદી, વળી સુધરેલી સ્યામા આવે સાદી. ૧૦
ઘણા ઘાચી મોચી વળી ગોલા રાણા, નમે છે લળીને અહા ખુબ શાણા;
અતિશે સુતારી ઘણા તો લુહારી, ઘણા કડીયાને તથા ભાવશારી. ૧૧
વળી કણબીને ઘણા ખુબ કોળી, ઘણા પાનવાળા અહા તો તબોળી;

નમે ભાવથી તો મહા તપસીને, વાળી કેડ વાંકી, ઢળે છે ધસીને. ૧૨
બહુ બળવતા અતિ છાકવાળા, નમી તપસીને આવી ગર્વ ગાળ્યા;
અરે કૃત્ય ખોટા તણા કરનારા, થયા નેમ ધારી દયા ધરનારા. ૧૩
નમે છે વકીલો નમે ઉમરાવો, નમે કારકુનો લેતા ખૂબ લ્હાવો,
નમે સોની ઝાઝા, વળી ધોબી ઢોલી, નમે દરજી તો ખરૂં દીલ ખોલી. ૧૪
ઘણા ગાયજાને ઘણા તો કુંભારી, ઘણા ક્ષત્રી ખાત્રી નમે છે અપારી,
ઘણા તો ફકીરો અતિશે જલાલી, દલાલો નમે છે મુકીને દલાલી. ૧૫
વળી મંત્રી તંત્રી, મહા જાદુવાળા, અતિ ખુબ ક્રોધી મહા વિકરાળા;
અહા અહંકારી, અતિ અભિમાની, નમે પાયે જોઇ ખૂબી તપસ્યાની. ૧૬
અહા સૌ લોક આવે થોકાથોક, નમે તપસીને સમે સઉ શોક;
દીપે જૈન ધર્મ રચ્યો છંદ ભાવે, વદે ચુનીલાલ સદા સુખ થાવે. ૧૭

ગરબી.

(તજો તમે કેફ કરમ કરવુ—એ રાગ.)

જુવો શોભા તપસ્યાની સારી, અહો વાલા અમુલખ જાણી વારી,
જુવો શોભા તપસ્યાની સારી,—એ આંકણી
અણુસણની કીર્તિ બહુ જામી, દેતા મુની દેશના સુખ કામી,
ચોમાસુ રહ્યા હરજીવન સ્વામી, જુવો૦ ૧

ચાકરી કરતા દીલ ભાવે, શાન્તિ જેમ તપસ્વીજી થાવે,
અરે જરા હરકત નહિ પાવે. જુવો૦ ૨

જીવાભાઈ બહેચર બલીહારી, ચાકરી કરતા બહુ સારી,
છોડી ઘર કામ ધંધો ધારી. જુવો. ૩

મુળચંદ ચુનીલાલ ચીતે, રહે પાસે તપસીની પ્રીતે,
સેવા નિત કરતા રૂડી રીતે. જુવો. ૪

ગોકળદાસ આવ્યા આ ટાણે, ન્યાતી ભાવશાર સકલ જાણે;
અતી પ્યાર તપસી પર આણે. જુવો. ૫

સ્થાનકીયા બે પાસે રહેતા, પડે મહેનત મનમા રહેતા;
ખુખારે તો ખમા ખમા કહેતા. જુવો. ૬

કદી કોઇ હોય ક્રોડપતિ, વળી ધનવાનજ હોય અતિ;
આવું સુખ ભોગવે નહિરે રતી. જુવો. ૭

ઘણા મોટા દીઠા કુટુંબ વાળા, મુકી વસ્તાર ગયા ચાલ્યા,
અહા ઠાઠ હાવા નહિ ભાળ્યા. જુઓ. ૮

તપસ્વી શાન્તિ સદા ધરતા, સમરણ જેનવરનું કરતા;
અહોનિશ કર્મ સદા ઝરતા જુઓ. ૯

ઘણા સૌ આવે ને જાવે, જય જય તપસીને થાવે;
આહા ચુનીલાલ તે ગુણ ગાવે. જુઓ. ૧૦

(દોહરા.)

અણુસણુ દીન ઝાઝા થયા, અડતાળીસને એક;
અષાડ શુક્લ પક્ષની, મોટી પુનેમ વીશેક. ૧

ઉગ્યો ભાણુ પુનમ તણો, ચહડતે પહોરે સાર;
સાત વાગ્યા ઘડીયાળમાં, સરસપુર શહેર મોઝાર. ૨

સમ ભાવ સમતા થકી, અમુલખભાઇ દીલદાર;
કાયા નગરી છોડીને, ગયા દેવલોક મોઝાર ૩

(લાવણી.)

(મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી—એ રાગ.)

ધન અમુલખ અવતાર, મનુષ્ય ભવ આયા;
જેનું જુગમાં અમર નામ, ધર્મ દીપાવ્યા. (એ આંકણી)

પુનેમને ચહડતે પહોર, હુવા સ્વર્ગવાસી;
પડી સરસપુરમા હડતાળ, ભઇ ઉદાસી.
નરનારી મળ્યા અપાર, નહી કાઇ લેખુ;
જય જય શબ્દ સહુ કરે, અવર નવ દેખુ
ધન્ય ધન્ય પાર્વતીબાઇ, ધીરજ મન ધારી,
કરી ક્લેશ કદાગરો દુર, સુમત મન વારી.
મળ્યા લક્ષપતી બહુ શેઠ, ઘણા હજારી,
શ્રીમત ઘણા શાહુકાર, વડા વહેપારી
જેમ જાણે તેમ નરનાર, અતિષે આવ્યા,
ધન્ય અમુલખ અવતાર, મનુષ્ય ભવ આયા. ૧

ઉલસ્યુ છે અમદાવાદ, અહો નરનારી,
ઘણા માણુસનો નહીં પાર, ભીડ થઇ ભારી.
અમુલખ સબ કેરી સોઇ, મળીને કરતા;
ખાતેથી કરે છે ખર્ચ, નહીં દીલ ડરતા
મળી સઘે કરી ઊપજ, થઇ ખુબ ભારી,
છોડાવી ગાયો સાર, દયા દીલ ધારી
સબ ઉપર બાછાવ્યો તામ, જરીનો ઝળકે;
ઉછળે છે અબીલ ગુલાલ, દીવીયો ચળકે.
વળી અગરબતીનો ધુપ, કપુર બહુ લાવ્યા,
ધન્ય અમુલખ અવતાર, મનુષ્ય ભવ આયા. ૨

વળી કાલુપુર બજાર, રૂપીઆ આપી;
પડાવી છે હડતાળ, ઉલટ રહી વ્યાપી.
વળી સરસપુર શેહેરની બહાર, પડી છે પાખી,
સૌએ કરી દુકાનો બધ, હડતાળો નાખી.

વળી ગરીબને દે દાન, ચણા ને ધાણી,
વળી લાકડસી બહુ લાવ્યા, ઉલટ દીલ આણી.
આપે છે ખોબા ભરી, દાન બહુ દેતા,
ભુખ્યાની ભાગે છે ભુખ, આસીષ બહુ લેતા.
ખાઇ રાજી રૂદે થાય, તૃપ્ત કરી કાયા,
ધન્ય અમુલખ અવતાર, મનુષ્ય ભવ આયા. ૩
ઉછામણી પૈસા પાઇ, આની બદામો કેરી,
વળી પાવલીને બે આની, ફુલ ઉછળે સોનેરી
હરખેથી નર નારી, મળીને લેતા;
વળી મુખે માગે જેહ, તેમને દેતા.

જય જય નદાજય ફતા, બોલે મુખવાણી,
સબ નીચે નીકળે નાર, સલુણી શાણી.
વળી પઃબડીયોમા રૂપીઆ, આપ્યા છે ઝાઝા;
જેથીં સહુના મનના થયા, ઉમળકા તાજા.
ખુબ સુખડ સુગધીદાર, કાષ્ટ બહુ લાવી;
જતના કરી રૂડ' પેર, ચીત્તાતો બનાવી
સબને બેસાડી બીચ્ચ, જુગ્તીથી જલાયા,
ધન્ય અમુનખ અવતાર, મનુષ્ય ભવ આયા ૪
સહુ મળી દેઇને દેન, ઘેર સહુ જાવે,
ધન્ય ધન્ય અમુલખભાઇ, સદાગુણ ગાવે.
આ તપસ્યા મહીમા સાર, કે અણુસણુ કેરા;
ભાવેથી ભજે નરનાર, મટે ભવ ફેરા.
અમુલખનું જુગમા નામ, રહ્યું પ્રકાશી;
ઝળહળ ઝળકી ખુબ રહી, સદા સાબાશી.

ધન્ય ધન્ય અમુલખ માત, રત્ન કુખ જાયા;
જેના હો ગયા બેડા પાર, કુળ દીપાવ્યા
મારી અલ્પ બુદ્ધી ધરી હુંસ, ચરિત્ર ગાયા,
ધન્ય ધન્ય અમુલખ અવતાર, મનુષ્ય ભવ આયા. ૫

(હરીગીત છંદ.)

સાલ ઓગણી બહોતેરની, માગશરમા મહુર્ત ધર્યુ,
મહા શુદ શુકલ પક્ષમા, આ ચરીત્ર પુરૂ કર્યુ ૧
મુજ શીર ઉપર શોભતા, રૂગનાથજી ગુરૂ છે ભલા,
એ નામના પ્રતાપથી, મે કેળવી ચરીત્ર કળા. ૨
રસીક અમદાવાદ છે, સારગપુર શોભે ઘણું,
સ્થાનકવાસી નાતનુ, ત્યાં શોભતું શેઠાઇપણુ. ૩
શ્રેષ્ટ પોળ તળીઆતણી, તે બીચ મારો વાસ છે;
વીદ્વાન જીન કવીરાજનો, ચુનીલાલ સૌનો દાસ છે. ૪
નથુ ભવાનીદાસ તો, પારેખ તો પકાય છે,
વડીલ દાદા માહરાનો, વસતો કહેવાય છે. ૫
મુજ તાત નરસીંહદાસ છે, વણીક શ્રીમાળી દસા,
દરીઆપરી ગચ્છ અદરે, તત્વ ત્રણ તો દીલમા વસ્યા. ૬
સરસપુર સંઘના આગ્રહથી, ભાવે કરી ચરીત્ર ભણ્યુ,
મેં વર્ણવ્યુ વીગત થકી, જીવન અમુલખ તણુ ૭
ભુલ હોય જો કીંકર તણી, મહાવીર માફી આપજો,
કીરપા નીધી કુરૂણા કરીને, કષ્ટ મારૂ કાપજો ૮

(કવિત મનહર)

વીરવાણી તણી લાણી મહાભાગ્યે મળે જાણી,
શાણી મહારાણી સહુ વાણીમા જણાય છે;

ઉજળી ઉદાર અને ગરવી ગગાજ જેવી,
અધમેલ પાપ સહુ જે વડે હણાય છે.
નય નિક્ષેપ તણાં તરગ અંગ ઊછળે છે,
મધુરી મહાન મીઠી માવડી મનાય છે;
જેના જેવી જગતમાં બીજી જોડી જાણી નથી,
એવી વીર વાણી વદનીય વખણાય છે.

અમદાવાદ — પોપટલાલ કેવલચંદ શાહ.

પ્રાર્થના.

(ઈંદ્રિવીજયનો રાગ)

સાજ સવાર જવલત બપોર, જીનેંદ્ર જીનેંદ્ર જીનેંદ્ર ઉચારૂં;
ઊજવળ બોધકશાસ્ત્ર નિહાળી ભરૂ, ઊરને મુજ અંતર ઠારૂં.
પાપ વિકારથી રહુ ડરતો વીર' ઊજજવળ રૂપ અખડ વિચારૂ;
નિર્મળ નામ પવિત્ર પ્રભુ' મુજ અતર માંહી સદાય સંભારૂં.
શુ હમણાં મુજને હૃદયે પ્રભુ ! ઊજવળ ભક્તિ તમારી સુહાયે;
છો પ્રભુ ? દીન દયાળ વસો ઊર, આપજ ઊજવળ ગુણ સદાયે.
વાણી વિચારણા કાર્ય બધાં, મુજથી શુભ ઉજજવળ રોજ કરાયે;
એવી મતિ મુજને પ્રભુ! ઘો, વરતુ ત્યમ શ્રી પ્રભુ આપ પસાયે.
તિમિરતો મનનું ટળતું થતું, ઉજવળ જ્ઞાન પ્રભાત પ્રકાશે;
તે પરભાત થકી વધજો, સુજવલત બપોર સમાન ઉજાશે.
તે ટકજો નીતિ ઊજવળ જ્ઞાન, દેશું શ્રદ્ધા વિશ્વાસ હુલાસે;
આપ પ્રતાપ અમાપ પ્રભુ ? ઉપરોક્ત બધાય સુકોડ પુરાશે.
નવલાં નવજીવન ઘો પ્રભુજી ? પ્રિય ભક્તિ અને સમતા શુભ ભારી;
નવલાં નવ જીવન પામી વદો, શુભ ધ્યાન વિચાર ક્રિયા સુખકારી.

નવલી નબળાઇ હરી દ્રઢ ઘો, નવલુ બળ આત્મ વિકાસ વધારી;
વીર? સ્વીકાર કરો મુજવદન, પામર ભક્ત લિયોજ ઉગારી.
વાણી થકી વદવું વધુ શુ ? પ્રભુ? કેવળ જ્ઞાન થકી સહુ જોશો;
છું અતિ પામર પ્રિય પ્રભુવર? માફ કરો માહરા સહુ દોષો.
નિર્મળ નામ તમારૂ જપી ધરૂ, ધર્મ શુભ તો ભય છે શો?
આ અરપુ પદ આપ પદે દઈ, ઊજવળતા મળ કર્મજ શોષો.

અમદાવાદ **પોપટલાલ કેવલચંદ શાહ.**

(દોહરા.)

અમુલખ જીવન ચરિત્ર મેં, છપાવ્યુ ધરી બહુ પ્રેમ,
તેહતણુા પુન્ય પસાયથી, રહુ છુ હું કુશળ ક્ષેમ.
વિસલપુર તણો હું વાસી છુ, રહું છુ સરસપુર માય,
વાસણુશેરી ત્યા શ્રેષ્ઠ છે, ઘર મારૂ છે ત્યાય.
જૈન સઘ કેરો હું દાસ છુ, પોપટ છે મારૂ નામ;
મુજ પિતાશ્રી કેવલચદ્ર છે, કરૂ છુ વેપાર તણું કામ.
દસાશ્રીમાળી જ્ઞાતે વણીક છુ, દરિઆપુરી ગચ્છ કેરી માય,
પુજ્ય રૂગનાથજી મુજ ગુરૂ છે, ભુલ ચુકની માગુ ક્ષમાય
તપસ્યા કર્યા કેરો દાસ છું, છપાવવા જેવુજ મુજ કામ,
ધર્મ કરશે તેને ધન્ય છે, અમર રહેશે તેનુ નામ
ઉપજ ચરિત્ર તણીય જે, ખર્ચ જતા રહેશે તમામ;
દયા ધર્મના શુભ કામમા, વપરાશે તે દામ.
મુજ સ્વારથ તેમા નથી, કર્યું મુજ અર્થી ન કામ,
વીર પ્રભુ પાસે માગુ હું એટલું, આવા થાજો કામ તમામ

અમદાવાદ **પોપટલાલ કેવલચદ શાહ.**

આનુપુર્વિ ગણુવાની સમજ

જે (૧) છે, તે નમો અરિહતાણુ જાણવુ.
જે (૨) છે, તે નમો સિદ્ધાણુ જાણવુ
જે (૩) છે, તે નમો આયરિયાણુ જાણવુ.
જે (૪) છે, તે નમો ઉવજ્ઝાયણુ જાણવુ.
જે (૫) છે, તે નમો લોએ સવ્વસાહૂણુ.
એ પ્રકારે ચિત્ત સ્થિર રાખીને આ આનુપૂર્વિ ગણુવી.

આનુપુર્વિ ગણુવાનુ ફળ

આનુપૂર્વિ ગણુજયો જોય, છમાસી તપનુ ફળ હોય, સદેહ નવ આણો લગાર નિર્મળ મને જપો નવકાર. ।।૧।। શુદ્ધ વસ્ત્રે ધરિ વિવેક, દિન દિન પ્રત્યે ગણુવી એક, એમ આનુપૂર્વિ જે ગણે, તે પાચસે સાગરનાં પાપને હણે ।।૨।। અશુમ કર્મ કે હરણુકુ મત્ર બડો નવકાર; વાણી દ્વાદશ અગમે, દેખ લિયો તત્વ સાર. ।।૩।। એક અક્ષર નવકારનો, શુદ્ધ ગણે જે સાર, તે બાધે શુભ દેવનુ, આયુષ્ય અપરપાર. ।।૪।। ઓગણીશલાખ તેશઠહજાર, બસે બાસઠ પલ, ત્યા સુધી સુખ ભોગવે, નવકાર મત્રનુ ફલ ।।૫।।

૧	૨	૩	૪	૫
૨	૧	૩	૪	૫
૧	૩	૨	૪	૫
૩	૧	૨	૪	૫
૨	૩	૧	૪	૫
૩	૨	૧	૪	૫

૧	૨	૪	૩	૫
૨	૧	૪	૩	૫
૧	૪	૨	૩	૫
૪	૧	૨	૩	૫
૨	૪	૧	૩	૫
૪	૨	૧	૩	૫

૧	૩	૪	૨	૫
૩	૧	૪	૨	૫
૧	૪	૩	૨	૫
૪	૧	૩	૨	૫
૩	૪	૧	૨	૫
૪	૩	૧	૨	૫

૨	૩	૪	૧	૫
૩	૨	૪	૧	૫
૨	૪	૩	૧	૫
૪	૨	૩	૧	૫
૩	૪	૨	૧	૫
૪	૩	૨	૧	૫

૧	૨	૩	૫	૪
૨	૧	૩	૫	૪
૧	૩	૨	૫	૪
૩	૧	૨	૫	૪
૨	૩	૧	૫	૪
૩	૨	૧	૫	૪

૧	૨	૫	૩	૪
૨	૧	૫	૩	૪
૧	૫	૨	૩	૪
૫	૧	૨	૩	૪
૨	૫	૧	૩	૪
૫	૨	૧	૩	૪

૧	૩	૫	૨	૪
૩	૧	૫	૩	૪
૧	૫	૩	૨	૪
૫	૧	૩	૨	૪
૩	૫	૧	૨	૪
૫	૩	૧	૨	૪

૨	૩	૫	૧	૪
૩	૨	૫	૧	૪
૨	૫	૩	૧	૪
૫	૨	૩	૧	૪
૩	૫	૨	૧	૪
૫	૩	૨	૧	૪

૧	૨	૪	૫	૩
૨	૧	૪	૫	૩
૧	૪	૨	૫	૩
૪	૧	૨	૫	૩
૨	૪	૧	૫	૩
૪	૨	૧	૫	૩

૧	૨	૫	૪	૩
૨	૧	૫	૪	૩
૧	૫	૨	૪	૩
૫	૧	૨	૪	૩
૨	૫	૧	૪	૩
૫	૨	૧	૪	૩

૧	૪	૫	૨	૩
૪	૧	૫	૨	૩
૧	૫	૪	૨	૩
૫	૧	૪	૨	૩
૪	૫	૧	૨	૩
૫	૪	૧	૨	૩

૨	૪	૫	૧	૩
૪	૨	૫	૧	૩
૨	૫	૪	૧	૩
૫	૨	૪	૧	૩
૪	૫	૨	૧	૩
૫	૪	૨	૧	૩

૧	૩	૪	૫	૨
૩	૧	૪	૫	૨
૧	૪	૩	૫	૨
૪	૧	૩	૫	૨
૩	૪	૧	૫	૨
૪	૩	૧	૫	૨

૧	૩	૫	૪	૨
૩	૧	૫	૪	૨
૧	૫	૩	૪	૨
૫	૧	૩	૪	૨
૩	૫	૧	૪	૨
૫	૩	૧	૪	૨

૧	૪	૫	૩	૨
૪	૧	૫	૩	૨
૧	૫	૪	૩	૨
૫	૧	૪	૩	૨
૪	૫	૧	૩	૨
૫	૪	૧	૩	૨

૩	૪	૫	૧	૨
૪	૩	૫	૧	૨
૩	૫	૪	૧	૨
૫	૩	૪	૧	૨
૪	૫	૩	૧	૨
૫	૪	૩	૧	૨

૨	૩	૪	૫	૧
૩	૨	૪	૫	૧
૨	૪	૩	૫	૧
૪	૨	૩	૫	૧
૩	૪	૨	૫	૧
૪	૩	૨	૫	૧

૨	૩	૫	૪	૧
૩	૨	૫	૪	૧
૨	૫	૩	૪	૧
૫	૨	૩	૪	૧
૩	૫	૨	૪	૧
૫	૩	૨	૪	૧

૨	૪	૫	૩	૧
૪	૨	૫	૩	૧
૨	૫	૪	૩	
૫	૨	૪	૩	૧
૪	૫	૨	૩	૧
૫	૪	૨	૩	૧

૩	૪	૫	૨	૧
૪	૩	૫	૨	૧
૩	૫	૪	૨	૧
૫	૩	૪	૨	૧
૪	૫	૩	૨	૧
૫	૪	૩	૨	૧

અગાઉથી ગ્રાહક થનાર ગૃહસ્થોના મુબારક નામ.

(વણુછરા.)

૧૦૦ શા. બેચરભાઇ માનચદ-
ની વિધવા બાઇ મેના.

(સરસપુર.)

૫૧ શા. પોપટલાલ કેવળદાસ.
૫૧ભાવસાર મોહનલાલ છગનલાલ
૫૧ ભાવસાર હરજીવન અમુલખ.
૪૧ ,, મોતીલાલ રૂખડદાસ
૨૫ ,, દલસુખ ગીરધરદાસ
૨૫ ,, મફતલાલ મુલચદ
૨૫ ,, પાનાચદ શામળદાસ
૧૫ ,, માવજી કલ્યાણ.
૧૦ ,, ફુલચદ જેચદ
૫ ,, સંકરલાલ કેસવજી.
૫ ,, ગીરધરદાસ નથુભાઇ
૫ ,, મુલચદ ગટોરદાસ
૫ ,, નાનાલાલ અમથારામ
૫ ,, માધવજી બેચરદાસ.
૨ ,, છનાલાલ લાલદાસ
વસઇવાળા

વીરમગામ

૨૫ શ્રી વીરમગામ સ્થાનકવાસી
સંઘ તરફથી હા. સા.
નેમચંદ ઉજમશી.

૧૦ શા. સાકલચંદ લાલચંદ.
૧૦ શા. ટોકરસી છગનલાલ
૫ શેઠ. ઉજમમી ખેતસીભાઇ
૫ સા. ઉમેદભાઇ ડાહ્યાભાઇ
૫ શા રાયચદ તલકચંદ.
૫ શા. હરજીવન મોતીચંદ.
૫ ભા. શાપુરદાસ લલુભાઇ.
૪ શા. બકોર રવચદ.
૨૫ શા. પોપટલાલ રણછોડદાસ
સરખેજવાલા.
૫ શેઠ. મણીલાલ કેશવલાલ
નવાપુરાના
૫ શા. મગનલાલ કુવરજી.
૫ શા. મુલચદ ચુનીલાલ
અમદાવાદવાળા.
૫ શા. સોમચદ પીતાબર મેતા
૨ શા. નારણ નાનજી.
૧ શા પરસોતમ સુંદરજી.
૧ શા. હરગોવન જીવરાજ.
૧ કોઠારી. ભુરા ગગા.
૧ શા પ્રેમચંદ સુરચદ.
૧ શા. છગનલાલ રઘુ.
૧ શા. જેચંદ રતનશી.
૧ શા. લલુ લાટકા.

૧ ભા અબાલાલ પરસોતમ
૧ ,, મોહનલાલ રગજી.
૧ ,, બાવલ લેહેરચદ.
૧ ,, જેઠાલાલ ગોકલદાસ.
૧ ,, નરસીંહ બેચરદાસ.
૧ , ˜મચદ નારણદાસ.
૧ ,, શામજી વસ્તા.
૧ ,, ગીરધર બેચરદાસ

લખતર.

૧ ભા નરસીલાલ ડુગર
૧ ,, પ્રેમચદ રામજી.
૧ ,, જેઠા હલુ
૧ ,, કેશવજી ગોવીંદજી
૧ ,, મુલચદ જેઠા
૧ ગોસલીયા વ્રજલાલ ઉજમસી
૧ શા નાનચદ કાલીદાસ
૧ શા. ઠાકરસી ગુલાબચદ.
૧ શેઠ માણેકચદ ગોકળદાસ
૧ શા સીવલાલ કેશવજી,
૧ શા. ભુદર મોતીચદ.
૧ શા. લખમીચદ મોહનલાલ
૧ શા ચદુલાલ કાલીદાસ
૧ ભા. મુલચદ રામજી.

વણા.

૪ મોચી. વસ્તા હરજીવન.

(ભાવસાર ધરમસી રામજી મારફત)

૨ ભાવસાર ધરમશી રામજી.
૨ ,, અમરસી જેઠા.
૧ ,, ભુદર ત્રીકમ
૧ ,, દેવચદ કેશવજી.
૧ ,, નાનચદ કુવરજી.
૧ ,, ત્રીકમ ધનજી
૧ ,, લાલચદ જીવણ.
૧ દોસી. વીરપાલ પ્રેમચદ.
૧ શા ભગવાન લખમીચદ.
૧ શા ડાહ્યા જીવણલાલ
૧ મધવી ફુલચદ પાનાચદ.
૧ શા. વીરપાલ તલકશી.
૧ શા. ધરમસી ઓઘડ.
૧ ઠકર હરજીવન જલા.

(દેદાદરા)

૧ દોસી ખોડીદાસ ગફલચંદ
૧ ,, ગોકલ વખતચદ.
૧ ,, સુદરજી મોતીચદ.
૧ ,, કેશવલાલ પ્રેમચદ
૧ ,, પરસોતમ પનજી.
૧ ગોસલીયા ભાઇચદ પીતાબર
૧ ,, વ્રજલાલ ફુલચદ.
૧ શા. મોહનલાલ નીમચંદ.
૧ શા. ઉજમસી મુલજી.

૧ શા. કસ્તુર હુકમચંદ.
૧ શા. મોતીચંદ ગુલાબચંદ.
૧ શા. કચરા અભજી.
૧ શા. લખમીચંદ સુંદરજી
૧ શેઠ. મગનલાલ તરભોવન.
૧ દોશી. વ્રજલાલ હરગોવન.
૧ ભા. ગંગારામ ઝુઝા.

(વઢવાણ કેમ્પ.)

૮ દોસી કસ્તુરચંદ હરચંદ.
૫ ,, લેહેરા ઉકાભાઇ.
૫ કોઠારી માણેકચંદ ગુલાબચંદ
૫ શા. કસ્તુર ઉજમશી.
૧ વોરા અમૃતલાલ માણેકચંદ
૧ શેઠ છગનલાલ તલસી.
૧ સઘવી ભાઇચંદ તારાચંદ
૧ શા. હુકમચંદ જીવરાજ
૧ ભાવસાર લાલચંદ માધવજી
૧ ,, કુવરજી જીવાભાઇ.
૧ શેઠ પ્રાણજીવન ભુદરદાસ સાયલાવાળા

(ખાંડીયા.)

૧ શા. ઉજમસી દોલતચંદ.

વઢવાણસીટી.

૧૦ ભા. મોરારજી ચતુરભાઇ રાજકોટ સ્ટેટ એનજીનીયર

૧ ભા. દેવચંદ સુંદર.
૧ ભા પનજી ગોપાલ લહીયા
૧ ,, સોમચંદ પુજા
૧ ,, તલકસી અણદા.
૧ ,, મગન ગોગલ.
૧ ,, મુલજી વસરામ.
૧ શેઠ વાડીલાલ મલુકચંદ.

(સાયલા.)

૧ ભા. વ્રજલાલ દેવજી બેલાણી
૧ ,, ઓધડલાલ હરખચંદ,
૧ મેસર્સ એસ.બી. શાહ ઘડીયાળી
૧ રા. રા સી. એલ. કોઠારી.
૧ રા રા. રતીલાલ ઓધવજી
૧ ભા. મનસુખ ઝવેર.
૧ ,, ડાહ્યા કુવરજી.
૧ ડુ. સુખલાલ દેવચંદ.
૧ ગાધી કસ્તુરભાઇ નારણભાઈ
૧ શા. જીવરાજ લવજી
૧ ગોપાણી રતનસી ડાહ્યાભાઇ.
૧ ભા કેસવજી લેહેરા.

ધ્રાંગધ્રા.

૫ ભા. ગોકલદાસ દેવકરણ.
૧ ભા. અમરસી પનજી.
૧ ,, ધરમસી મોતી.

૧ ,, સકર ખુશાલ.
૧ ,, ભગવાંન ભુધર.
૧ ,, પરભુદાસ દેવા.
૧ ,, હસરાજ નીમજી.
(પાટડી.)
૬ ભા. પોપટલાલ પરસોમદાસ
(ભજાણા)
૧ ભા. માધવજી મુલજી.
(દસલાણા.)
૪ ભા. અમૃતલાલ ગોવીંદજી
દેહગામ.
૧૦ ભા. જેચંદ ભગવાનદાસ.
૫ ,, પરસોતમ મગનલાલ.
(સરખેજ.)
૨ સા. ડોસાભાઇ મોતીચંદ.
૨ સા. પુંજાભાઇ માણેકચદ.
૨ સા. પોપટલાલ રણછોડ.
૧ સા નગીનદાસ મોતીચદ.
૧ શા. શકરાભાઇ હરગોવીદ
માસ્તર વીસલપુરવાળા
૧ સા ન્યાહાલચંદ મોતીચંદ.
૧ સા. રણછોડ સાંકલચંદ.
૧ સા પુંજાભાઇ સામલભાઇ
વીસલપુરવાળા.

(અડીસણાનું પરૂ)
૮ શા. મફતલાલ ત્રીભોવનદાસ
(ખેરવા,)
૫ શેઠ ચતુરદાસ ગગલદાસ
કલોલવાલા.
૨ મોદી. અબાલાલ પાનાચદ
(રાંધેજા)
૨ સા નાથાલાલ નાગરદાસ.
(ઘોડા.)
૧ દોસી. ભુદર દલીચદ.
૧ સા. રણછોડ પાનાચંદ
૧ સા વાડીલાલ ઉજમસી.
(ઝેઝરા.)
૧ સા રતનસી ઉમેદ.
(બાકરોલ
૧ સા. મણીલાલ મગનલાલ
વીસલપુરવાલા.
(દેવાસ)
૪ શ્રીયુત કેસરીચદજી ભંડારી
(પીઓજ.)
૫ સા. કચરાલાલ અમથાભાઇ
(બોદાલ)
૩ સા. હરીલાલ મોહનલાલ
(વાસણા.)
૨ ભા. છગનલાલ પાનાચંદ

મુંબઇ
૫ પટેલ. ચુનીલાલ ભગુભાઇ
(બોટાદ.)
૧૨ સા ધારસી મોહનલાલ ખં.
૪ સા. મોહનલાલ માનસંધ.
૮ દોશી. સોમચંદ માણેકચંદ.
૮ સા સોમચંદ ભુરાભાઇ.
૫ ગાંધી નંદલાલ રાયચંદ
૪ સા. રતનસી ચતુરભુજ.
૨ પારેખ ઠાકરસી બેચરદાસ
૨ સા. કેશવજી લાલચંદ.
૨ વસાણી. કસ્તુર હરીચંદ.
૨ ભાવસાર પોપટલાલ કુંવરજી
૧ ,, મોરારજી ઝવેર.
૧ ,, ગાંડાલાલ ઓતમદાસ.
૧ ,, ગાંડાલાલ નરસીભાઇ
(રાણપુર.)
૨ ગોપાણી. મોતીચંદ ગફલચંદ
૧ સા. કરસન ડાહ્યાભાઇ.
૧ સા. માધવજી જીવા.
૧ ભા. મગનલાલ લવજી.
સુરત
૨૫ જવેરી ચુનીલાલ લલુભાઇની
વીધવા ગુલાબ તથા રૂખમણી
૮ ભા. છોટુભાઇ અભેચંદ.

(ધોરાજી.)
૩ સા પોપટભાઇ વનમાળી-રેમ
કામદાર
(પેથાપુર.)
૫ સા. વાડીલાલ સાંકળચંદ.
(કલોલ.)
૧ શા. શીવલાલ ડુગરચંદ.
(લાકડીઆ)
૧ શા. પાલણ પલાણી.
૧ સા. હેમત સાગણ.
૧ સા. વાઘજી દેવા
૧ સા. માવણ ગામા.
૧ સા. વેરસી ભારા.
૧ સા. ધેલા દુદા.
૧ સા. ભચુ દેસર.
૧ સા. દેસર સુરા.
૧ સા. ખાખણ વીરા.
૧ સા. હીરા પલા.
૧ સા. રાણા આસા.
(રાજકોટ)
૧૦ રા. રા. જેઠાલાલ મોરારજી
(માંડવી)
૨ માસ્તર માણેકચંદ પાનાચંદ
(કડી)
૧૫ ભા. દલસુખ માનચંદ.
૫ ,, ભલભાઇ નાગરદાસ.

જાહેર ખબર.

મીલ, જીન, પ્રેસને લગતો તમામ સામાન (
યતથી મોટા પ્રમાણુમા મગાવી સીલકમા રાખીએ છ
અને ઘણાજ કિફાયત ભાવે ફુટક તથા જથાબંધ માલ
પુરો પાડીએ છીએ, માટે ટ્રાયલ ઓરડરથી ખાત્રી કરો.

પોપટલાલ કેવળચંદ શાહ.
(પાર્ટનર રતનચંદ ફતેહચંદની કંપની.)
મીલ, જીન, સ્ટોર સપ્લાયર્સ
સરસપુર—અમદાવાદ